# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા
CDO PRAKASH SAMIKSHA
FORTNIGHTLY
Since 1925...
સળંગ વર્ષ ૯૪મું
VOLUME : 21 • ISSUE : 23 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH JULY 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-
Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના સેવાભાવી દાનવીર
## કચ્છ રત્ન શેઠશ્રી નરશીભાઈ જેઠાભાઈ દંડ
વરાડિયા - મલકાપુર



## જન્મ શતાબ્દિએ ભાવપૂર્ણ વંદન

પ્રકાશ સમિક્ષા સમિતિ

K.D.O STUDENTS ASSOCIATION
Estd. 1954

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

SHREE K.D.O STUDENTS ASSOCIATION

શનિવાર, તા. ૧૫.૦૬.૨૦૧૯ થી રવિવાર, તા. ૧૬.૦૬.૨૦૧૯
બે દિવસીય

## ૩૬૦° એડવેન્ચર કેમ્પની આછેરી ઝલક

360° ADVENTURE CAMPING


































- દરેક દિશાએ કુદરતી દ્રશ્ય
- ગ્લેમ્પીંગ ટેન્ટ્સ
- માઉન્ટેઇન સાઇક્લીંગ
- રેપ્લીંગ
- કેમ્પ ફાયર
- ટ્રેકીંગ પેઇન્ટ બોલ
- ટીમ બિલ્ડીંગ ગેમ
- ટગ ઓફ વોર
- ડોગ પાર્ક


**શ્રી ઉર્મિન જયેશ લોડાયા – પ્રમુખ**
9167060043

**શ્રી મીત સંજય મૈશેરી – માનદ્‌મંત્રી**
9967380347

# Happy Diamond Jubilee Anniversary

# સુખદ દામ્પત્ય જીવનની ૬૦ વર્ષની સુહાની સફર

૧૫-૫-૧૯૫૯



૧૫-૫-૨૦૧૯



**અ.સૌ. રમાબેન** **શ્રી જેઠાલાલ વીશનજી મોમાયા**

**(કચ્છ સાંયરા - હાલ : કોચીન)**

પરમ કૃપાળુ શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી અને પરમાત્માના આશીર્વાદથી
આપ દમ્પતિએ દામ્પત્ય જીવનના ૬૦ વર્ષ મધુર યાદો સાથે પાર પાડ્યા છે એ અમુલ્ય ક્ષણે
અમે સૌ પરિવારજનો હર્ષ અને ઉલ્લાસની લાગણી અનુભવીએ છીએ.

આપના અમીભર્યા આશિર્વાદ સદાય રહે.... તથા
આપના દીર્ઘ આયુષ્યની મંગલ શુભકામના પ્રભુ પાસે માંગીએ.

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | **અ.સૌ. મીના મનોજ જેઠાલાલ મોમાયા** |
| પુત્ર-પુત્રવધુ | : | **અ.સૌ. પ્રિતી ચેતન જેઠાલાલ મોમાયા** |
| પુત્ર | : | **શ્રી મનીશકુમાર જેઠાલાલ મોમાયા** |
| પૌત્ર-પૌત્રવધુ | : | **શ્રી અ.સૌ. ગૌરી અમીત મનોજ મોમાયા** |
| પૌત્ર | : | **ચિ. ઉમંગ ચેતન મોમાયા** |
| પુત્રી-જમાઈ | : | **અ.સૌ. દીના ભૂપેન્દ્ર ડુંગરશી મોતા** (તેરા-મલાડ) |
| દોહીત્ર-દોહીત્રવધુ | : | **અ.સૌ. મિતલ ચિંતન ભૂપેન્દ્ર મોતા** |
| દોહીત્ર-દોહીત્રવધુ | : | **અ.સૌ. મેઘા જય ભૂપેન્દ્ર મોતા** (U.S.A.) |
| દોહીત્રી | : | **કુ. જીનલ ભૂપેન્દ્ર મોતા** |
| દોહીત્ર-પુત્રી | : | **કુ. કેનીકા ચિંતન મોતા** |

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. ૨૩**
**Date : 05-07-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65
Mob.: 98211 54326

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

*હું ખૂબજ ગૌરવ અનુભવું છું કે, મને સ્વર્ગીય શેઠશ્રી નરશીભાઈ જેઠાભાઈ દંડ અંગે તંત્રીલેખ લખવાનું સૌભાગ્ય મળ્યું છે.*

*શ્રી નરશીભાઈ તથા તેમનો સમસ્ત પરિવાર હમેશા પ્રકાશ સમીક્ષાનો સહયોગી રહ્યો છે. અનેક વખતે તેમણે વિના કહે નોંધનીય ટેકો પુરો પાડ્યો છે એ બદલ શ્રી નરશીભાઈ જેવા ઉમદા વ્યક્તિત્વ તથા તેમના પરિવારજનો પ્રતિ આભાર વ્યક્ત કરૂં છું. શ્રી નરશીભાઈના વ્યક્તિત્વ વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. આ અંકમાં તેમના પરિવારજનો તરફથી તેમના જીવનકર્મનું સ્મરણ કરવામાં આવ્યું છે.*

*આપણી જ્ઞાતિના જરૂરતમંદ વિદ્યાર્થીઓને શ્રી નરશીભાઈ હર હમેંશા મદદરૂપ થતા હતા. વિદ્યાર્થીઓને ફક્ત ફી વગેરેની મદદ કરીને થોભી જવાને બદલે તેઓ બોર્ડીંગમાં વિદ્યાર્થીના પ્રવેશ પછી તેની શૈક્ષણિક પ્રગતિની નોંધ રાખતા અને વિદ્યાર્થીના અભ્યાસ અંગેના દરેક પ્રકારના પ્રશ્નોના નિરાકરણ માટે હમેંશા પ્રયત્નશીલ રહેતા.*

*તેમણે મલકાપુર ખાતે એન.જે. દંડ સંસ્કાર સ્કુલની સ્થાપના કરીને પોતાની કર્મભૂમિના વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ કર્મભૂમીનું ઋણ ઉતારવાનો પણ પ્રયાસ કર્યો.*

*શ્રી નરશીભાઈ તથા તેમનો પરિવાર સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોના વિહાર વખતે તથા વૈયાવચ્ચ માટે સદૈવ તત્પર રહે છે. વિહાર કરી રહેલા સાધુ-સાધ્વીજી સાથે વિહાર સેવકો મોકલવા તથા તેમનો સંપુર્ણ ખર્ચ ઉપાડવાની શ્રી નરશીભાઈની પંરપરાને તેમનો પરિવાર આજે પણ નિભાવી રહ્યો છે.*

*કચ્છ રત્ન શ્રી નરશીભાઈ દંડ જેવા યુગ પુરૂષને મારા કોટિ કોટિ વંદન.*

***– હિરાચંદ દંડ***



**અષાઢી બીજ – કચ્છી નયેં વરે જ્યું વધાઈયું**

કચ્છી નવું વરસ આપ સૌને સુખ-શાંતિ-સમૃધ્ધિકારક બની રહે એવી શુભકામનાઓ સહ કચ્છી નવા વરસના અભિનંદન.

**– તંત્રી મંડળ, પ્રકાશ સમીક્ષા**

## સગપણ વિચ્છેદની સમસ્યા વિશે વિચાર-વિમર્શ કરીએ

પ્રકાશ સમીક્ષા દ્વારા જ્ઞાતિની સગપણ વિચ્છેદની સમસ્યા અંગે જ્ઞાતિજનોને પોતાના વિચારો વ્યક્ત કરવા નિમંત્રિત કરવામાં આવ્યા હતા જેના પ્રતિસાદ રૂપે બે જ્ઞાતિજનોના વિચારો આ અંકમાં પ્રકાશિત કર્યા છે. સગપણ વિચ્છેદની સમસ્યા વિશે હજુ વધુ જ્ઞાતિજનોને પોતાના વિચારો મોકલવા આગ્રહભરી વિનંતી છે.

પ્રકાશ સમીક્ષાના વાચકોને સગપણ વિચ્છેદ અંગેના પોતાના વિચારો, પત્ર કે ઈ-મેઈલ દ્વારા પોતાના નામ-ગામ-સરનામુ તથા મોબાઈલ નંબર સાથે કાર્યાલયના સરનામે અથવા **kdoprakash@gmail.com** ઉપર મોકલવા વિનમ્ર નિવેદન છે. તંદુરસ્ત ચર્ચા-વિચારણા કદાચ આ સળગતા પ્રશ્નના નિવારણ માટે ઉપયોગી થાય.

## કે.ડી.ઓ. ક્લાસીકની કિડની કેમ્પ જાહેરાતમાં ભુલ

**સુધાર :** અંક નં. ૨૨ તા. ૨૦ જુનના અંકમાં પાના નં. ૧૬ ઉપર છપાયેલ **કે.ડી.ઓ. ક્લાસીકની કિડની કેમ્પની** જાહેરાતમાં શનિવાર, તા ૨૦મી જુલાઈ, ૨૦૧૯ વાંચવા વિનંતી.

| પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી | | | | |
|---|---|---|---|---|
| કલર પાનાની જાહેરાત | | | | |
| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

| બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત | | | | |
|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | | |

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## ''ગૌશાળા વગેરેમાં ભ્રષ્ટાચારની ફરીયાદ'' સમાચાર અંગે ખૂલાસો

પ્રકાશ સમીક્ષા અંક ૨૨ તા. ૨૦-૬-૨૦૧૯ના અંકમાં 'વતનના વર્તમાન' વિભાગમાં પ્રકાશિત સમાચાર કચ્છના વર્તમાનપત્રોમાં આવેલા સમાચારમાંથી સંકલિત કરવામાં આવ્યા હતા. આ સમાચારને શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળામાં ભ્રષ્ટાચાર સાથે કોઇજ સંબંધ નથી જેની સર્વે સંબંધિતોને નોંધ લેવા વિનંતી છે.

આ સમાચાર મનરેગા સાથે સંકળાયેલી અન્ય કોઇ સંસ્થાના હશે એવું અમારૂં માનવું છે. કોઇપણ દુર્ભાવ સિવાય શરતચૂકથી છપાયેલી આ વિગતથી શ્રી જખૌ પાંજરાપોળ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, દાતાઓ તથા કાર્યકર્તાઓની લાગણી દુભાઇ હોય કે તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચી હોય તો તે બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

**સૌને મિચ્છામિ દુક્કડ્મ.**

**- તંત્રી મંડળ, પ્રકાશ સમીક્ષા**


The much awaited monsoon sale is here !
IT'S RAINING DISCOUNTS
15th to 22nd July
Visit Today
SALE
SILK SAREE EMPORIUM
28, Gani Mansion, Behind Arora Theater, Matunga (C.R.),
King's Circle, Mumbai - 400 019. Tel.: 022-24043995
Sunday open during Sale !

# શ્રેષ્ઠીવર્ય નરશી જેઠાભાઈ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા એ કંડારેલી કેડીએ ચાલનાર અને તેમણે ચીંધેલી નીતિ, સદ્બોધ, સુવિચાર, ધર્મનિષ્ઠ અને કર્તવ્યપરાયણતાના ગુણોને અક્ષરશઃ જીવનમાં ઉતારનાર તેમજ કલ્પવૃક્ષના છાંયડા જેવા મલકાપુરના જગડુશા અને શ્રી કચ્છી દશા જ્ઞાતિના એમ્બેસેડર યુગમુર્તિ શ્રી નરશી જેઠાભાઈ દંડે લોકકલ્યાણકારી-રચનાત્મક પ્રવૃતિઓનું સુરેખ સરવૈયુ સમાજ સામે ધરી માનવતાવાદનો એક અવિનાશી ઈતિહાસ સર્જ્યો છે. તેમની જીવન-કિતાબનું પ્રત્યેક પૃષ્ઠ સુવિકસીત કમળ પુષ્પસમુ નિર્લેપ હતું તેથી જ કચ્છરત્ન નો શ્રેષ્ઠ ખિતાબ તેમના વિરાટ વ્યક્તિત્વને સાંપડ્યો અને એ ખિતાબના મુલ્યાંકનમાં વૃધ્ધિ થઈ.

પિતાશ્રીનું નામ જેઠાભાઈ જેવત દંડ માતોશ્રીનું નામ ખિંયસરબાઈ. કચ્છના વરાડીયા ગામે નવમી જુલાઈ ૧૯૧૯ના રોજ જન્મ થયો. પિતાશ્રી જેઠાભાઈ રૂના બાહોશ વેપારી. ગળથૂથીમાં ચીવટાઈ, પરીશ્રમ અને પુરૂષાર્થના ગુણો મેળવ્યા. બન્ને સંસારી ફોઈબાએ જૈન ધર્મની દિક્ષા અંગીકાર કરતાં જૈન ધર્મના ધર્મપરાયણતા અને પરોપકારના ગુણોનો ઉમેરો થયો. પિતાશ્રી રૂની ખરીદી અર્થે દેશ દેશાવર જતા હોઈ શિક્ષણ વરાડીયા, જાલના અને મુંબઈમાં થયું.

૧૪ વર્ષની નાની ઉમરે રૂની અગ્રગણ્ય પેઢી શેઠ અરજણ ખીમજીની કાં. માં જોડાયા. ખામગામમાં તેરાના શેઠ લખમશી રતનશી દંડના માર્ગદર્શન હેઠળ રૂની ખરીદીમાં નિપુણતા અને વ્યાપારી કાબેલીયાત મેળવી. સને ૧૯૪૭માં ફક્ત ૨૭ વર્ષની ઉંમરે રૂની ખરીદી અર્થે મલકાપુર આવવાનું થયું તે સમયે આજુબાજુના વિસ્તારોમાં પુષ્કળ રૂ પાકે. મલકાપુર રૂની મોટી પેઠ હતી. શ્રી નરશીભાઈએ મલકાપુરને પોતાની કર્મભુમિ બનાવી લીધી.

દુષ્કાળની આફત સમયે આપેલ મદદ અને સલાહના કારણે ખેડુતો શ્રી નરશીશેઠ પાસે રૂના ઢગલે ઢગલા ખડકતા ગયા. એક સરખી રૂની ખરીદી. કોઈ દિવસ હલકા પ્રકારનું રૂ મીક્સ ન કરવાની પ્રતિજ્ઞાના કારણે પ્રથમ બે વર્ષ તકલીફથી તઈ પણ ત્રીજા વર્ષે રૂ ખરીદ કરનાર મીલોમાં નામ પ્રથમ નંબરે લખાઈ ગયું. સેલમની અગ્રગણ્ય મીલોના સબંધમ ગ્રુપમાં આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. એ ગ્રુપની દશ હજાર ગાંસડીની ખરીદી હોય તો જેટલી ગાંસડી શ્રી નરશી શેઠ લખાવે તેટલી છુટ. બાકીની ખરીદી અન્ય વ્યાપારીઓ પાસેથી કરે. ભાવ શ્રી નરશીભાઈ ભરે તે મીલના શેઠીયાઓ કબુલ કરે.

ભારત આઝાદ થતાં ગામે ગામે પંચાયતો શરૂ થઈ. ગ્રામ તરફથી ૨૦ ટક્કા ફાળો મળે તો તે ગામમાં શાળા શરૂ થાય એવો સરકારી નિર્ણય. શિક્ષણ પ્રેમી તાલુકા વિકાસ અધિકારીશ્રીએ નરશીભાઈની મુલાકાત માંગી. શ્રી નરશીભાઈએ વિકાસ અધિકારીને પ્રેમપુર્વક આવકાર્યા અને તે જ સમયે જેટલી શાળા શરૂ થાય તે માટે અનુદાન આપવા માટે અનુમતી આપી. તેમજ મલકાપુર વિસ્તારમાં કોલેજ સ્થાપવા વિચારણા શરૂ થઈ. ગામના અગ્રણીઓ મળવા આવ્યા. વાતચીત થતાં કોલેજના હૉલ માટે અનુદાનની રક્કમ આપી. કોલેજો અને સ્કુલોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓ માટે સ્કૉલરશીપો શરૂ કરી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શોધી કાઢી, તેઓ પૈસાના અભાવે શિક્ષણથી વંચિત ન રહે તેવી વ્યવસ્થા કરી. સામાજીક કાર્યકરો જે જે નામોની ભલામણ કરે તેમની ફી ભરાઈ જાય. ન અરજી ન જામીનગીરી ન કોઈ વિદ્યાર્થી ધક્કા ખાય. આપનાર દાતાનું નામ પણ કોઈ જાણે નહિ. કોઈ પણ નાત-જાતના ભેદભાવ વગર આ સહાય અવિરત ચાલુ રહી. સ્થાનિક પ્રજાના સુખ દુઃખ માટે તેમના દરવાજા સદા ખુલા રહે. બિમારી વખતે, હૉસ્પિટલના ખર્ચા હોય તેઓ આપે, કોઈ ગરીબ ઘરની કન્યાના લગ્ન હોય તો કન્યાદાન તેમના તરફથી જ થાય.

મલકાપુરમાં સુમતિનાથ ભગવાનનું વર્ષો જુનું પુરાણું જીનાલય. ભંડોળમાં નહિવત પુરાંત. પુજારીને માસિક પગારની રકમ ચૂકવવા માટે સતત ચિંતા રહે. મલકાપુર સ્થાનિક જૈન સંઘના કાર્યકર્તાઓ એકત્ર થયા અને જીનાલયનો વહીવટ ચલાવવા માટે શેઠને વિનંતી કરી. જીનાલય આર્થિક રીતે પગભર થાય એ માટે સંઘની વિનંતીને સ્વીકારી પોતાના દેખરેખમાં સુમતિનાથ ભવન નામે વિશાળ ઉપાશ્રય અને દાદાવાડી નું બંધારણ કર્યુ. એક વખત એ જીનાલયમાંથી ચાંદીના સપના ચોરાયા. પોતાની ટ્રસ્ટી તરીકે ફરજમાં ક્યાંક કચાશ કે ભુલ રહી ગઈ હશે એ જાણ કરી ચાંદી લઈ નવા સપના બનાવવા આપી દીધા. જીનાલયમાં ચોરી થાય એટલે સમાજની પ્રગતિ કે ચડતી અટકે તેવી ભારોભાર માન્યતા. ચૌદ સપના બનાવવાના સમાચાર મળતાં જે ખર્ચ થાય તેમાં પોતે પણ સહભાગી થાય તેવી ઈચ્છા આગેવાનોએ કરી. શ્રી નરશીશેઠે તુરત નિર્ણય

લીધો મજુરીના રૂ. ૭૫૦/- થાય તે જે ભાઈઓ રક્કમ આપશે તે દાતાઓ તરફથી સપના દાનમાં મળ્યા છે તે નામો કોતરાવ્યા હતા.

આદર્શોનાં અક્ષયપાત્ર શેઠ શ્રી નરશીભાઈએ કોઈ પણ ભેદભાવ વિના વિકાશવાંછુ શ્રેયાર્થી-પથિક ને પ્રેરક પાથેય પુરૂં પાડી દિશા અને પંથના દર્શક બની યાત્રાપથના આલાપને શ્રવણીય બનાવ્યો છે. પરમત્વનો સ્પર્શ પામેલા શ્રી નરશીભાઈના મિતાક્ષરી પ્રાસાદિક વાણીના મધુપાત્રમાંથી અનુભવનો અમૃત છલકાતો અને તેમાંથી સાક્ષાત્કારીની પશ્યંતિનો ચૈતન્યશીલ રણકો પણ સંભળાતો.

ઉદારચિત્ત, વિશાલહૃદયી, સરલમૃદુ અંતઃકરણધારી, કરૂણાવંત, નીતિમય વ્યવહારવાળા, ઉદ્યમશીલ, પારદર્શી દીર્ઘદષ્ટિવાળા, વ્યાપારકુશળ, સેવાભાવી જ્ઞાતિપ્રેમી, ગુણગ્રાહી, સાધુસાધ્વીઓની વૈય્યાવચ્ચમાં ઉછળતા ભાવોલ્લાસવાળા, ધર્મમાં શ્રદ્ધાવંત, ભક્તિવંત, જિનાનુરાગી, આગમજ્ઞાનોપાસક, પ્રજ્ઞાવંત નવકારમંત્રના આરાધક હતા તથા વિનયી પુત્રોના સંસ્કારશીલ પિતા હતા. પત્ની તથા પુત્ર પરિવારનો સંપૂર્ણ સમર્પણાત્મક સહયોગ પ્રાપ્ત કર્યો હતો.

મલકાપુરમાં શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના સોળ જ્ઞાતિ બંધુઓ ભાડાના મકાનમાં રહેતા. દર વર્ષે મકાનમાલિક ભાડું વધારે અથવા ઘર ખાલી કરાવે આ તકલીફ કાયમની હતી. આ સમસ્યાને ઉકેલવા માટે જ્ઞાતિબંધુઓ નરશીભાઈને રજુઆત કરી. નરશીભાઈએ બધા જ્ઞાતિભાઈઓને આશ્વાસન આપ્યો. અને ગામના સારા વિસ્તારમાં જેમનો પ્લોટ હતો તેવા જમીનદાર સાવજીને બોલાવી તેમના સહકાર્યથી રૂા. ૩.૭૫ ફુટના ભાવની જમીન આ સુંદર કાર્ય માટે રૂા. ૨.૨૫ ફુટના ભાવે ખરેદી આપી. મલકાપુરના અગ્રગણ્ય આર્કીટિકને પ્લાન તૈયાર કરવા સુચના આપી. ફક્ત સાડાચાર માસના ટુંકા ગાળામાં અદ્યતન સુવિધાઓ ધરાવતો ૭૦૦ ફુટમાં ચાર રૂમ અને ૫૨૫ ફુટમાં ૩ રૂમના ફ્લેટ બંધાયા. શ્રી નરશીશેઠ અને જ્યેષ્ઠ પુત્ર શ્રી તિલોકચંદભાઈની વિશેષ દેખરેખ હેઠળ સોળ બ્લોક તૈયાર થયા.

સને ૧૯૭૯ માં મહારાષ્ટ્ર એકમની સ્થાપના થઈ. એકમનું મુખ્ય કાર્યાલય જલગામ હતું. મલકાપુરના પ્રતિનિધી તરીકે શ્રી નરશીશેઠની નિમણુંક થઈ. કાર્યકર્તાની નિમણુંક સ્થાનિક મહાજન મારફત થવી જોઈએ તેવો સ્પષ્ટ અભિપ્રાય આપી રાજીનામું ધરી દીધું. શેઠની સરળતા અને વિવેકપુર્ણ સ્પષ્ટતાના કારણે અગ્રણીઓને પોતાની ભુલ સમજાઈ. એકમના પ્રતિનિધિની નિમણુંક સ્થાનિક મહાજનશ્રી દ્વારા કરવાનો નિર્ણય લેવાયો. મહારાષ્ટ્રના એકમની ધુરા શ્રી નરશીશેઠને સોંપવામાં આવી. શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને જેટલી રકમ ફી અથવા પુસ્તકો માટે જરૂરત હોય તે આપવા માટે નિર્ણય લેવાયો. તે માટે પોતાના બુરહાનપુરમાં રૂની ખરીદીમાં દર ટ્રકે રૂા. ૫૦/- સ્વૈચ્છિક રીતે શિક્ષણમાં આપવા સમજાવવામાં આવ્યા. સન ૧૯૮૦ માં વરાડીયાના જીનાલયના જીર્ણોદ્ધાર માટેની જરૂરત ઊભી થઈ. સ્થાનિક અગ્રણી શ્રી દામજી પુંજાભાઈ લોડાયા અને શ્રી પાસુભાઈ માલશી મોમાયાએ જીનાલયમાં ટપકતા પાણી અંગેની રજુઆત શ્રી નરશીભાઈ પાસે કરી. મીટીંગમા મોટાભાગના શ્રેષ્ઠીઓએ સૂર કાઢ્યો કે સ્થાનિક વિરોધ હોઈ જીર્ણોદ્ધારનું કાર્ય કોઈ રીતે શક્ય નથી. શ્રી નરશીશેઠ વરાડીયા આવ્યા. સ્થાનિક જ્ઞાતિબંધુઓ અને જ્ઞાતિના શ્રેષ્ઠીઓના વચ્ચે મુખ્ય દુવા બની સમસ્યાનું સમાધાન કર્યું. જીનાલયના જીર્ણોદ્ધાર માટે ચાર માસ પોતે સ્થાનિકે રોકાયા અને જાતે દેખરેખ કરી કાર્ય કરાવ્યું. સ્થાનિક પ્રજાની માંગણીથી વરાડીયામાં સ્વઃખર્ચે રસોહુ બે વર્ષમાટે ચાલુ કરાવ્યું.

સને ૧૯૮૯માં પારોલા તીર્થે પૂ. સાધ્વી શ્રી જયલક્ષ્મીશ્રીજી, પૂ. સાધ્વી શ્રી ગુણલક્ષ્મીશ્રીજી અને પૂ. સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજીનું ચાતુર્માસ નક્કી થયું. આ અવસરે શ્રી નરશીશેઠે માતુશ્રીની પુણ્ય સ્મૃતિમાં ઉત્સવ કર્યો. ઉપાશ્રય હૉલ બંધાવવા પ્રેરણા આપી. પોતે ચાર માસ પારોલામાં જ રોકાયા અને તિર્થ ક્ષેત્રમાં પ્રગતિના કાર્યો કર્યા. પૂ. સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજીને જૈન ધર્મના સંશોધનમાં પી.એચ.ડી. નો અભ્યાસ કરાવવા માટે પ્રોત્સાહિત કરનાર શ્રી નરશીભાઈ જ હતા.

સને ૧૯૯૦ માં બુરહાનપુરના અગ્રણીઓ નવરાત્રીના ફાળા અર્થે શ્રી નરશીશેઠ પાસે આવ્યા. બુરહાનપુરમાં ગુજરાતીઓના ૪ હજાર પરિવારો હોવા છતા કોઈ સંઘઠન ન હતો. નરશીભાઈએ ગુજરાતી સામજની સ્થાપના કરવા સુચન કર્યું. ત્યાર બાદ ટુંક સમયમાં રૂા. બે કરોડનું ગુજરાતી ભવન નિર્માણ થયું. ગુજરાતી માર્કેટ તથા સ્ટેડીયમ સ્થપાઈ અને ૨૦૦ પથારીની હૉસ્પિટલનું આયોજન થયું. ભુમિપુજન શ્રી નરશીશેઠના હસ્તે થયું.

અચલગચ્છાધિપતી શ્રીમદ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ ધુલીયા ના નિભાવ અર્થે દર વર્ષે કાર્યકર્તાઓને ફાળો ઉઘરાવવો પડતો હતો. શ્રી નરશીશેઠે સંસ્થા પગભર કરવા માટે સંસ્થાની જગ્યામાં ૨૦ દુકાનો બંધાવી, એ માટે બેંક ગૅરન્ટી શેઠે પોતે આપી. આજે પણ આ સંસ્થામાં સ્કુલ નિર્માણનો આયોજન કરેલ છે, જે અત્યારે

પણ વ્યવસ્થિત ચાલુ છે.

સમાજે મને શું આપ્યું... આ પ્રશ્નનો વિચાર સુધ્ધા ન કરતા હું સમાજ માટે શુ કરી શકું ? આ પવિત્ર ધુન તેમના શ્વાસે શ્વાસે મહેંકી રહી હતી અને તેનાં ફલસ્વરૂપ મલકાપુરમાં સુતગિરણી, ગુજરાતી સમાજ, આયંબિલવાડી, નુતન દાદાવાડી, પાઠશાળા, સુમતિનાથ ભવન, સુમતિનાથ જૈન શ્વેતાંબર મંદિરજીનો જીર્ણોદ્ધાર, સંચેતી લોકસેવા ટ્રસ્ટ તેમજ ગુજરાતી સમાજ એવા અનેકવિધ સંસ્થાઓના બહુમુલ્ય માર્ગદર્શન તથા તનમનધનનું રત્નત્રયી યોગદાન આપેલ છે.

વેપારને પણ વિકસિત કર્યો ને ઉદ્યોગના ક્ષેત્રે જંપલાવ્યુ ઓઈલ મિલ તથા ઓટોમૅટીક જીનિંગ-પ્રેસિંગ ઈંડસ્ટ્રીઝ નિર્માણકાર્ય કર્યું. ભારના વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપેયીના હસ્તે ઉત્કૃષ્ટ મૉર્ડન જીનિંગ પ્રેસિંગ ફૅક્ટરીનું બિરૂદ મેળવ્યું. જીનીંગ પ્રેસીંગ ઉદ્યોગમાં પ્રથમ આય.એસ.ઓ. ૯૦૦૧:૨૦૦૦ આ ફૅક્ટરીનેજ મળ્યું.

સને ૧૯૮૧માં મલકાપુર નજીક જૈનોના પવિત્ર તિર્થ ક્ષેત્ર અંતરિક્ષજી ના કબ્જા અને ભોગવટા પ્રશ્ને દીગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ઝઘડો પરાકાષ્ટાએ પહોંચ્યો. તપગચ્છના મુનિશ્રી ચંદ્રશેખર વિજયજીની પ્રેરણા હેઠળ ૨૦૦૦ વીર સૈનિકો અંતરિક્ષજી પહોંચે તેવો કાર્યક્રમ નક્કી થયો.

પ.પૂ. મુનીશ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા. જ્યારે મલકાપુર આવ્યા ત્યારે અખિલભારતીય શ્વેતાંબર સંઘની મિટીંગ મલકાપુર બોલાવવામાં આવેલ એમાં અકોલાથી અંતરિક્ષજીનો છરી પાલીતસંઘ કાઢવાનો નક્કી થયેલ. એનાં શ્રી નરશીશેઠ સંઘપતી હતા.

શેઠશ્રીએ મ.સા. ને વિહારમાં સુવિધા થાય એ માટે માણસોની વ્યવસ્થા ગચ્છના ભેદ વગર કરેલ હતી તે આજે પણ અવિરત ચાલુ છે.

સન ૧૯૯૪ માં નરશીભાઈને ૭૫ વર્ષ પુરા થતાં એમનું અમૃત મહોત્સવ ઉજવાનો મહારાષ્ટ્ર એકમ તેમજ મલકાપુરના બધા અગ્રણીઓએ મળી વિનંતી કરી. નરશીભાઈની ઈચ્છા ન હોવા છતા, બધાનું માન રાખવા માટે તેઓએ અમૃત મહોત્સવ ઉજવવાની રજા આપી. એ માટે શેઠશ્રી શાંતીલાલ મુલજી શિયાળ, મુંબઈ મહાજનના એ વખતના પ્રમુખને મળી ઉજવણી કઈ રીતે કરવી એ નક્કી કરવામાં આવ્યું. એમના સલાહ સુચન મુજબ કાર્યક્રમના સંચાલક તરીકે 'ઉર્મિલ' કલ્યાણજી સાવલાને સંપર્ક કરી નક્કી કરવામાં આવ્યું. એ સમિતીમાં અધ્યક્ષ તરીકે શાંતીલાલ મુલજી શિયાળની વરણી કરવામાં આવી. વિશેષ અતિથી તરીકે શ્રી અરૂણભાઈ ગુજરાથી, જજ શ્રી ઈશ્વરભાઈ ગુલાબચંદ લોડાયા (ધુલિયા), તિલકચંદ કુવરજી લોડાયા (આય.એ.એસ.) અને મહેન્દ્રભાઈ લાલકા (આય.પી.એસ.), ચિમનલાલજી ભરતીયા - અકોલા (બેંકર), દિલીપભાઈ ત્ર્યંબકરાવ દેશમુખ (નગરાધ્યક્ષ-મલકાપુર), શિવાજીરાવ ભિકાજી પાટીલ (આમદાર અને સુતગિરણી અધ્યક્ષ), ઝાડબુકેબાઈ (એમ.એલ.એ., બારશી) હતા. શ્રી ક.દ.ઓ. ના ૭૦ મહાજનોએ શેઠશ્રી નું સન્માન કરેલ. પુરો મલકાપુર ઉત્સવમય થઈ ગયો હતો. લોકોએ સ્વેચ્છાએ ૧૫૦ ગેટ અને બૅનરો લગાવેલ. મલકાપુરની બધીજ સંસ્થાઓએ શેઠશ્રીનું સન્માનપત્ર આપી બહુમાન કરેલ. એમજ બધા સમાજોના પ્રતિનીધીઓએ પણ સન્માન કરેલ.

આપની આ પ્રેરક પ્રવૃતિઓમાં આપના સહધર્મ-ચારિણી પુજ્ય ગંગામાનો અનન્ય સહયોગ હતો. સંસ્કાર સમૃધ્ધ સંતોના પણ આપના આ યજ્ઞના યા હોમ અગ્નિહોત્રી હતા. સંતો-મહંતો, મહાત્માઓ અને અધ્યાત્મયોગીઓની પ્રેમળ-પ્રસાદીપણ આપને પ્રાપ્ત થઈ હતી.

માનવજીવનનાં ઉચ્ચતમ મુલ્યોનું સંવર્ધન કરી, શાસ્ત્રોની અભિવ્યક્તિનું રસપાન કરી, કલ્પવૃક્ષનાં મર્મ રહસ્યોનાં મૌક્તિકોનું આચમન કરી, ખરા અર્થમાં જૈન શ્રાવક બની. ઈતિહાસની સમયશીલા પર સુવર્ણમય ચરણચિન્હો અંકિત કરનાર યાત્રાગામી શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડને અમરત્વની અંજલિ આપતાં સ્પંદનો સરી પડે છે.

તા. ૨૦/૦૪/૨૦૦૦ નાં તેઓએ સમાધીપુર્વક વિદાય લિધી. એ વખતે મલકાપુરમાં ખરતરગચ્છાધીપતી આચાર્ય શ્રી મહોદયસાગરશ્રીજી મ.સા., શ્રી મણીપ્રભાશ્રીજી મ.સા. તથા સાધ્વી વૃંદ એવં ચતુર્વિધ સંઘ હાજર હતો. ક.દ.ઓ. સંઘોના પ્રતિનિધીઓ તેમજ મુંબઈ મહાજનના પદાધિકારીઓની હાજરીમાં પોતાનાં જીર્નીંગ ફૅક્ટરીમાં અંતિમ વિશ્રામ લિધો.

**''નથી મૃત્યુ પામ્યા, સકલ દિશામાં છો કણેકણે**
**નિહાળીએ સતત અમે કુસુમ-કુસુમે તુલસી પર્ણે''**

જન્મ શતાબ્દિ નિમીત્તે એમના પુણ્ય સ્વરૂપ જીવનને યાદ કરી સમસ્ત પરિવાર એમને ભાવભરી શ્રદ્ધાંજલી અર્પે છે. આ યુગમુર્તિની પ્રેરણા લઈ જ્ઞાતિ સદા પ્રગતિ પથ પર આગળ વધે એજ શુભકામણા...

**- લી. નરશીભાઇ જેઠાભાઇ દંડ પરિવારજનો**
મલકાપુર-વરાડિયા

# શ્રી ક.દ.ઓ. જૈન કોઠારા જ્ઞાતિ મહાજન કોઠારા

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ - ૩૭૦ ૬૪૫. ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫
**મુંબઈ કાર્યાલયઃ** C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩. ફોનઃ ૨૩૪૦ ૦૨૫૧
(સમય : ૪ થી ૬)

**શ્રી કોઠારાવાસી સર્વે જ્ઞાતિજનો,**

**જયજિનેન્દ્ર ! પ્રણામ !**

આપણા સૌ ઉપર શ્રી શાંતીનાથ દાદાની અસીમ કૃપા છે. ગયા વર્ષે પ. પૂ. અચલગચ્છાધિપતી **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાનુવર્તી **પ.પૂ. નમ્રગુણાશ્રીજી મ.સા.**નું ચાતુર્માસ મળેલ ત્યારે આપણે સૌ ચાર માસ તપ-જપ કરીએ કરાવીએ, અનુષ્ઠાનો, ભાવનાઓ, પ્રભાવનાઓ, પારણા, અત્તર પારણા વિગેરે કરાવીને કર્મની નીર્જરા કરી પુણ્યનું ભાથું બાંધવા માટે શ્રી કોઠારા મહાજને ચાતુર્માસ સર્વ સાધારણ ફંડનું આયોજન કરેલ જેમાં **૧ આની રૂા. ૧૦૦/- (સો)** ફક્ત રાખવામાં આવેલ છે. ૨૫ આની કે તેથી વધુ આની લખાવનારનું નામ ચાર મહિના ઉપાશ્રયમાં બેનર ઉપર લગાડવામાં આવશે. તો આપ સૌ પુણ્યનું ભાથુ બાંધવા ઉદાર હાથે ચાતુર્માસ ફંડમાં ફાળો લખાવવા નમ્ર વિનંતી. નિયાણી બહેનો પણ ભાગ લઈ શકે છે.

**ગયા વર્ષ ૨૦૭૪માં નીચે મુજબના ભાગ્યશાળીઓ લાભ લીધેલ હતો. આ વર્ષ પણ એનાથી વધારે સંખ્યામાં ભાગ લેશોજી.**

## સંવત ૨૦૭૪ – ચાતુર્માસ સર્વ સાધારણ ફંડમાં આવેલ નામો

| | | |
|---|---|---|
| ૧૧૦૦૦/- | શ્રીમતી ખમાવંતીબેન ઉત્તમચંદ કલ્યાણજી ખોના | સાંગલી |
| ૧૧૦૦૦/- | માતુશ્રી ભારતીબેન ભાગચંદ દામજી જૈન | મુલુંડ |
| ૧૧૦૦૦/- | માતુશ્રી જયાબાઈ ટોકરશી શામજી લોડાયા | ડોંબીવલી |
| ૧૧૦૦૦/- | માતુશ્રી કસ્તુરીબાઈ ગોવિંદજી હેમરાજ અજાણી | ભાંડુપ |
| ૫૦૦૦/- | કુમારી પુષ્પાબેન લાલજી શામજી અજાણી | કોઠારા |
| ૨૫૦૦/- | માતુશ્રી કસ્તુરીબાઈ હિરાચંદ ઉમરશી મુનવર | કોઠારા |
| ૨૫૦૦/- | માતુશ્રી લાખબાઈ હીરજી શામજી લોડાયા | ડોંબીવલી |
| ૨૫૦૦/- | માતુશ્રી નવલબાઈ માણેકજી ચાંપશી પાલાણી | મુલુંડ |
| ૨૫૦૦/- | માતુશ્રી ભચીબાઈ જવેરચંદ રતનશી લોડાયા | ગાંધીધામ |
| ૨૫૦૦/- | માતુશ્રી કાશ્મીરાબેન ખેતશી ઠાકરશી ધરમશી | ભુજ |
| ૨૫૦૦/- | માતુશ્રી કુંવરબાઈ પદમશી પાશ્વીર લોડાયા | કોઠારા |
| ૨૫૦૦/- | માતુશ્રી ખેતબાઈ ચાંપશી ભવાનજી ધરમશી | મુંબઈ |
| ૨૫૦૦/- | માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી વેરશી લોડાયા | મુલુંડ |
| ૨૫૦૦/- | માતુશ્રી વિજયાબાઈ રાયચંદ ભોજરાજ ધરમશી | મસુર |
| ૨૫૦૦/- | માતુશ્રી પ્રેમાબાઈ લાલજી શામજી અજાણી | મુલુંડ |
| ૨૫૦૦/- | માતુશ્રી કુસુમબેન ચમનલાલ જેઠાભાઈ મૈશેરી | દહીંસર |
| ૨૫૦૦/- | માતુશ્રી પ્રેમાબાઈ રતનશી ધરમશી | ઘાટકોપર |
| ૧૧૦૦/- | શ્રી પ્રદિપભાઈ જવેરચંદ રતનશી મુનવર | કોઠારા |
| ૧૦૦૦/- | શ્રી દેવેન્દ્ર ખીંયશી જીવાણી | લાલપર |
| ૧૦૦૦/- | શ્રીમતી વસુમતિબેન હીરાચંદ રાઘવજી | અંકલેશ્વર |
| ૧૦૦૦/- | શ્રી ખિમજીભાઈ ચત્રભોજ ખોના હ. જવેરચંદભાઈ | ભુજ |
| ૧૦૦૦/- | માતુશ્રી પ્રેમાબાઈ મણશી લોડાયા | ડોંબીવલી |
| ૧૦૦૦/- | શ્રી કિરીટ હીરજી અજાણી | બેંગ્લોર |
| ૧૦૦૦/- | શ્રી કુસુમકાંત વર્ધમાન નાગડા | ગાંધીધામ |
| ૧૦૦૦/- | માતુશ્રી મણીબાઈ ટોકરશી લોડાયા | ડોંબીવલી |
| ૧૦૦૦/- | માતુશ્રી મકુબાઈ ગાંગજી શાહનંદ | કોઠારા |
| ૧૦૦૦/- | શ્રી પ્રફુલભાઈ જેઠાભાઈ મુનવર | મલકાપુર |
| ૧૦૦૦/- | શ્રી મહેશ ગોવીંદજી અજાણી | ઘાટકોપર |
| ૧૦૦૦/- | માતુશ્રી સોનબાઈ ચત્રભુજ નાગડા હ. મયુરભાઈ | કોઠારા |
| ૧૦૦૦/- | શ્રીમતી જીનાલી પ્રીતેશ પટેલ | મુલુંડ |
| ૫૦૦/- | શ્રીમતી હસુમતીબેન મુરજી વિકમશી | મુલુંડ |
| ૫૦૦/- | શ્રીમતી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ વિકમશી | મલાડ |
| ૫૦૦/- | શ્રીમતી ધનબાઈ લખમશી મોતા | મુલુંડ |
| ૫૦૦/- | શ્રીમતી લીલાવંતી અનિલ છેડા | કોઠારા |
| ૫૦૦/- | શ્રી મણીલાલ વિસનજી વિકમશી | કોઠારા |
| ૫૦૦/- | માતુશ્રી સોનબાઈ ચત્રભુજ નાગડા હ. રતીલાલભાઈ | |
| ૫૦૦/- | શ્રી માણેકજી ધનજી નરપાર લોડાયા | ભાડુંપ |
| ૫૦૦/- | શ્રીમતી લીલાવંતીબેન જેઠાભાઈ મૈશેરી | કોઠારા |
| ૫૦૦/- | શ્રી નવિનચંદ્ર શીવજી મોતા | કોઠારા |
| ૫૦૦/- | શ્રીમતી મણીબાઈ ગોવિંદજી મોતા | કોઠારા |
| ૫૦૦/- | શ્રી હિરાલાલ ખીંયશી જીવાણી | કોઠારા |
| ૫૦૦/- | શ્રી કાંતીલાલ કાનજી લાલકા | લાલા |

આ વર્ષે આપણને **પ. પૂ. સાધ્વીશ્રી કિરણકલાશ્રીજી મ.સા.**નું ચાતુર્માસ મળેલ છે. જેમનો પ્રવેશ **તા. ૧૦-૦૭-૧૯**ના સલુણી સવારના થશે. તો, આપસૌ પ્રવેશ પ્રસંગે ચાતુર્માસ આરાધના કરવા તથા પર્યુષણ પ્રસંગે સૌને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.



## શ્રી શૈક્ષણિક સહાય ફંડ

શ્રી કોઠારા મહાજનશ્રી તરફથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓની સારી એવી અરજી આવે છે પણ આપણી પાસે એટલો ફંડ ન હોવાથી શૈક્ષણિક સહાયમાં કાપ મુકવો પડે છે તો આપસૌ શૈક્ષણિક સહાયમાં ઉદાર હાથે ફાળો લખાવવા નમ્ર અપીલ છે.



લિ.
**શ્રી ક.દ.ઓ. જૈન**
**કોઠારા જ્ઞાતિ મહાજન કોઠારા**

UPASANA-9820167767

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

ESTD : 1954

**શનિવાર, તા. ૧૫.૦૬.૨૦૧૯ થી રવિવાર, તા. ૧૬.૦૬.૨૦૧૯**
**બે દિવસીય**

## ૩૬૦° એડવેન્ચર કેમ્પનો અહેવાલ

360° ADVENTURE CAMPING

૩૬૦° એડવેન્ચર કેમ્પ એટલે સ્વભાવિક છે કે આ કેમ્પમાં એવું તે શું વિશેષ હશે ? દરેક દિશાએ કુદરતી દ્રશ્ય, ગ્લેમ્પીંગ, માઉન્ટ બાઇકીંગ, રેપ્લીંગ એટલે ડુંગર ઉપરથી દોરીઓ દ્વારા ઉતરણ, કેમ્પ ફાયર, ટીમ બિલ્ડીંગ ગેમ, ટગ ઓફ વોર, ડોગ પાર્ક જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવાનું એક માધ્યમ એટલે ૩૬૦° એડવેન્ચર કેમ્પ.

આજના બાળકોને ભલે મિલિટરી ટ્રેઇનીંગ આપણે આપી ન શકીએ પરંતું આ એડવેન્ચર કેમ્પ માધ્યમે બાળકો આજની કસરત કરતા છોકરાઓ ફીટનેશ ઉપર ધ્યાન નથી રાખતા. એ ઉદ્દેશ્ય સાથે શનિવાર, તા. ૧૫.૦૬.૨૦૧૯ થી રવિવાર, તા. ૧૬.૦૬.૨૦૧૯ બે દિવસીય એડવેન્ચર કેમ્પનું આયોજન વિદ્યાર્થી સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિસાદ મળતા ૧૨ વર્ષ થી ૨૪ વર્ષ સુધીના ૧૧૦ વિદ્યાર્થીઓ આ કેમ્પમાં જોડાયા હતા.

મુંબઇ થી બસ દ્વારા એક બસ ઘાટકોપર, મુલુન્ડ, ભાંડુપ, નવી મુંબઇ અને એક બસ ડોંબિવલી થી પુના એડવેન્ચર કેમ્પ જવા સવારે ૭:૦૦ કલાકે પ્રસ્થાન થઇ હતી. જેમાં વિવિધ સાહસિક રમતો માટે વિજેતાઓને ગીફ્ટના લાભાર્થી પરિવાર **શ્રી કેતુલ વીરચંદ પોલડીયા (બાયઠ-ડોંબિવલી)** હતા. તેમજ આ આયોજનમાં સુંદર સહયોગ ૩૬૦° એડવેન્ચર કેમ્પના માલિક **શ્રી સંજય ધરમશી (સુથરી-પુના)** રહ્યો હતો. તેમણે બધાને ખુબ સારી માહિતી સાથે પોતાના અનુભવો જણાવ્યા હતા. વિદ્યાર્થીસંઘના **પ્રમુખ શ્રી ઉર્મિન જયેશ લોડાયા**એ તેમનો ખૂબ આભાર માની પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

આ આયોજનને સફળ બનાવવા માટે પ્રમુખ શ્રી ઉર્મિન જયેશ લોડાયા સાથે કુ. એકતા લોડાયા, શ્રી મીત મૈશેરી, કુ. શ્રૃષ્ટિ લોડાયા, કુ. લબ્ધિ લોડાયા, શ્રી ચિરાગ લોડાયા, શ્રી પ્રિન્સ ધરમશી, શ્રી અશ્વિન લોડાયા, શ્રી ઉજ્વલ લોડાયા, શ્રી ધર્મિલ નાગડા, શ્રી સ્મિત લોડાયા, શ્રીમતી ચાંદનીબેન પરેશ લાલકા તેમજ વિદ્યાર્થીસંઘના સભ્યોના અથાગ પ્રયાસ હતા.

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

ESTD : 1954

**અન્ન દાનમ્ ! વિદ્યા દાનમ્ !! મહા દાનમ્ !!!**

આપશ્રીએ વિદ્યાર્થી જગતની શૈક્ષણિક જરૂરીયાતોને સમય અને સંજોગોને અનુલક્ષીને આપે વિદ્યા દાન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા છે. આજની શૈક્ષણિક મોંઘવારી માટે આપ શાતા રૂપ બન્યા છો. જે બદલ શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ આપશ્રી સહુને ખુબ ખુબ અનુમોદના કરે છે.

આપના આવોજ સહાય સદાય અમોને મળતી રહે એવી અપેક્ષા સહ... ધન્ય તમારી ભાવનાને...! ધન્ય તમારી ઉદારતાને...! આપશ્રી પરિવારની યશગાથા દશે દિશાઓમાં ગુંજી ઉઠે એજ મંગલ ભાવના સહ...
જય જિનેન્દ્ર !!!




**આ વર્ષે અમે નોટબુકના કવર પાના પર વુમન એમ્પાવરમેન્ટ, સ્પોર્ટસ એક્ટીવીટી, ઇ-ક્રાંતિ, ભારતીય સૈન્યને મનોબળ વધારતું કવર પેજ બનાવવામાં આવ્યું હતું. નોટબુકનુ વિતરણ મુંબઇ, અમદાવાદ, વાપી, જલગામ, પાંચોરા, ધુલીયા અને મલકાપુર ખાતે વિતરણ થયું હતું.**

### નોટબુક કવર પેજ મુખ્ય દાતાશ્રી

BHUMI RAJ

## ભૂમિરાજ ભૂપેન્દ્ર કસ્તુરી ચેરીટેબલ ટ્રસ્ટ

CO-SPONSER

## SHRI ANANTNATHJI MAHARAJ JAIN TEMPLE AND IT'S SADHARAN FUNDS

302/306, Narshi Natha Street, Shri Anantnathji Chowk, Mumbai - 400 009 • Tel.: 022 2342 1344 / 2344 1929
E-mail: anantnathtrust@gmail.com

### PLATINUM EDUCATION DONOR

| | | |
|---|---|---|
| Shri. Hans Bhavanji Arjan Khimji | Tera | Matunga |
| Matushri Gomaben Hemraj Lodaya Parivaar (Haste - Keenjal Beauty Parivaar) | Moti Khavdi | Ghatkopar |
| Sanghmata Damyantiben Champshi Shah (Lokhandwala) | Sandhav | Ghatkopar |
| M/s Cadetronics | - | Ghatkopar |
| Shri. Bipin Pasvir Nagda (Insurance Agent) | Rangpur | Mulund |
| M/s U. M. Khona & Co. | - | Chembur |
| Matushri Dhanbai Premji Shah (Haste - Smt. Tejalben Rajesh Shah) | Moti Sindhodi | Sion |
| M/s HD Fire Protect Pvt. Ltd. | - | Thane / Jalgaon |
| Sanghmata DamyantiBen Ratanshi Lodaya | Sayera | Pune |
| Sau. Shobhaben Lalit Nagda | Naliya | Dombivli |
| Sau. Taraben Lalit Mota | Suthri | Nashik |
| Sau. Manishaben Kamlesh Mota | Suthri | Aurangabad |
| Shri. Virji Ladhabhai Trust - Mumbai (Haste - Shri. Shivji Kunverji Vikamsey) | Ranpar | Lalbaugh |
| M/s Prime Property Development Corporation (Haste - Shri. Padamshi Ladhubhai Soni) | Suthri | Juhu |
| Well Wisher | - | - |

### DIAMOND EDUCATION DONOR

| | | |
|---|---|---|
| Smt. Nirmalaben Shantilal Mulji Shial | Jakhau | Indore |
| A. S. Vijayaben Koovarji Lodaya | Rapar-Gadhwari | Bhandup |
| M/s Kanti Karamsey & Co. (Valuers) (Haste - Shri. Kanti Karamsey) | Jakhau | Malabar Hill |
| M/s Ramji Devshi Shah & Co. | Moti Khavdi | Masjid |
| Shree Mahavir Sports (Haste - Smt. Nayna Ashok Lapasia) | Daltungi | Mulund |
| Matushri. Sonbai Jethalal Raysi Lapasiya Parivar | Daltungi | Mulund |
| Smt. Dhankunvarben Govindji Padamshi Lodaya (GP) | Rava | Ghatkopar |
| Matushri. Hirbai Virchand Gosher | Bayath | Bhandup |
| Matushri. Navalben Khetsi Poladia (Haste - Smt. Madhuriben Kishor Vikamsey) | Jakhau | Wadala |
| Matushri. Hansaben Manilal Kurwa Parivar | Godhara | Mulund |
| Ambe Maa Dharamshi Parivaar | Suthri | Chembur |
| Narsey Family Charitable Trust | Suthri | Santacruz |
| Late Matushri. Damyantiben Sanatkumar Shah | Moti Sindhodi | Sion |
| Sanghmata Dhanlaxmiben Chandrakant Hansraj Lodaya (Kalpataru Roadlines / Avani Print Care) | Varapadhar | Vapi / Dombivali |
| Smt. Devkabai Mulji Lakhamshi Lapasia | - | Raichur/Mysore/Banglore |
| Sanghmata Kalpanaben Shamji Narshi Dand | Sandhav | Mulund |
| Shri. Chetan Shantilal Dagha | Varadia | Mulund |
| Vinod Raichand Dhulla Na Smaranthe Matushri. Laxmibai Raichand Kanji Dhulla Sah Parivaar | Suthri | Mulund |
| M/s Jethabhai Doongarshi transport Co. | - | Masjid |
| Well Wisher | - | - |

### GOLDEN EDUCATION DONOR

| | | |
|---|---|---|
| M/s Saikalp Consultancy Pvt. Ltd. (Smt. Kalpana Bakimchand Lalka) | Lala | Mulund |
| Smt. CA Jayshree Navinbhai Jain | Bayath | Mulund |
| Sandhav Ratna Seth Shri. Mulji Raghavji Lodaya | Sandhav | Dadar |
| Sau. Veena S. Khona | Jakhau | Vadodara |
| Sau. Charmi Parag Nagda | Naliya | Navi Mumbai |
| Sau. Bhumika G. Shiyal | Jakhau | USA |
| Ms. Krisha S. Khona | Jakhau | Vadodara |
| Ms. Khushi G. Shiyal | Jakhau | USA |
| M/s Rajat Logistics | - | Gandhidham |
| Smt. Dharini Deepak Dagha | Varadia | Mulund |
| Master Ishan & Master Arjun Vipul Lalka (Haste - Dr. Jayanti Kishor Lalka) | Lala | Mulund |
| Smt. Sumtiben Somchand Dand Zaveri | Varadia | Wadala |
| M/s J. K. Bros. (Haste - Shri. Jitendra Nagda) | Suthri | Ballard Estate |
| Smt. Pramilaben Thakarshi Gosher | Bayath | Ghatkopar |
| Shri. Padamshi Kanji Maisheri Charitable Trust | Rapar-Gadhwari | Ghatkopar |
| Matushri. Hansaben Hirachand Patel | Bandhiya | Airoli |
| Matushri. Madhuriben Bhavanji Lodaya Parivar | Kothara | Vidyavihar |
| Smt. Bela Mayur Dhulla / Smt. Meena Chiman Mota (Shikarji Continental) | Varadia | Masjid |
| Matushri. Vasantiben Navinchandra Narshi Khona | Naliya | Ghatkopar |
| Matushri. Sarbai Hirji Khona (Haste - Yuvraj Khona) | Sayera | Vadodara |
| Shri. Umarshi Ramji Dand | Malkapur(Buldana) | Lala |
| M/s Lucky Prints & Pack Pvt. Ltd. | Suthri | Mulund |
| Dr. Harish Lapasia | Suthri | Ambernath |
| Smt. Pinkyben Kamlesh Dharamshi | Jasapar | Bhandup |
| Matushri. Jamkuben Champshi Lodaya | Tera | Mulund |

## GOLDEN EDUCATION DONOR

| | | |
|---|---|---|
| M/s Fibrol Nonlonics Pvt. Ltd. | - | - |
| Maxmomi Transline (Haste Shri. Hiren Navinchandra Momaya) | Sayera | Matunga |
| Ku. Priyanshi & Smt. Priya Jayesh Lodaya | Sandhav | Mulund |
| Matushri. Ratanbai Bhavanji Lodaya | Nani Sindhodi | Mulund |
| Matushri. Manibai Shamji Khetshi Maisheri | Kuvapadhar | Ahmednagar |
| Matushri. Taraben Kunverji Khimji Dand | Sevak Bharudiya | Mulund |
| Smt. Manorama Tilakchand Lodaya | Sayera | Chennai |
| Matushri. Kasturiben Padamshi Thakershi Dand | Parjau | Vidyavihar |
| Matushri. Vijyaben Dungarshi Lapasia | Daltungi | Mulund |
| M/s Exim Trans Trade India Pvt. Ltd. (Shri. Jayesh Bhagchand Jain) | Kothara | Mulund |
| Smt. Varsha Tilak Govindji Maisheri | Sandhan | Dombivli |
| M/s Viketa Electronics | Lala | Ankleshwar |
| Matushri. Manbai Umarshi Kanji Bheda | Varapadhar | Ghatkopar |
| Kum. Vivek Vipin Khona & Ku. Lisha Vipin Khona | Suthri | Mulund |
| Smt. Taramati Laherchand Shivji Nagda | Naliya | Ghatkopar |
| Shri. Chimananlal Shamji Nagda | Naliya | Mahalaxmi |
| Smt. Rajulben Bhadresh Patel (Momaya) | Sayera | Mulund |
| Smt. Sheelaben Bharat Hansraj Dagha | Varadia | Mulund |
| New Capital Cargo Agro Limited | - | - |
| M/s Aadinath Roadways (Haste Smt. Manjulaben Damji Maisheri Parivar) | Nani Sindhodi | Ghatkopar |
| Master Moksh Jatin Tarun Dharamshi (M/s Deluxe Logistics Pvt. Ltd.) | Suthri | Juhu |
| Matushri. Kanchanben (Dipaliben) Gulabchand Trikamji Nagda | Rangpur | Mulund |
| Shri. Laxmichand Dharshi Mota | Lakhaniya | Wadala |
| Well Wisher | - | - |

## SILVER EDUCATION DONOR

| | | |
|---|---|---|
| Matushri. Tarabai Manekji Mota | Rapar Gadhwari | Ghatkopar |
| Shri. Damji Narshi Soni | Vanku | Mumbai |
| Matushri. Dhanlaxmiben Khetshi Damji Daulat Parivar | Suthri | Dombivli |
| Anand Parivar (Haste Matushri. Navalben Babubhai Dand) | Tera | Bhandup |
| Matushri. Padmaben Ashok Bheda (Haste Shri Nayan Ashok Bheda) | Varapadhar | Mulund |
| Matushri. Valbai Damji Narshi Dhrod | Sayera | Dombivli |
| Matushri. Manibai Kunvarji Khimji Mota | Sandhav | Dombivli |
| M/s D. V. Shipping | Varadia | Mulund |
| Matushri. Navalben Manilal Dand | Sevak Bharudiya | Mulund |
| Ku. Lesha & Kum. Tanmay Manish Dagha | Varadia | Mulund |
| Matushri. Bhartiben Virchand Poladia (Haste Ketul Poladia) | Bayath | Dombivli |
| Matushri. Sushilaben Javerchand Visanji Dharamshi | Manjal Reladia | Andheri |
| Matushri. Madhuriben Manilal Momaya | Suthri | Bhandup |
| Shri. Bipin Maheshwari | Jakhau | Tilak Nagar |
| M/s Narendra S. Shah & Associates (Haste - Shri Narendra Dand) | Tera | Mulund |
| Matushri. Gangaben Liladhar Narsi Momaya (Haste - Vijaybhai Momaya) | Sayera | Matunga |
| Ku. Siya & Smt. Mansi Yamish Dharamshi | Suthri | Borivali |
| Shri. Raichand Malshi Mota Parivar | Kuvapadhar | Selum |
| Matushri. Kantaben Govindji Ajani (Lodaya) Parivar | Kothar | Ghatkopar |
| M/s Vikhroli Automobiles (Haste - Shri. Pankaj khona) | Jakhau | Mulund |
| M/s Manav Jyot | Ray Dhanjar | Mulund |
| Matushri. Navalbai Somchand Munvar | Jakhau | Bellary |
| M/s Tikitar Industries Ltd. | Ray Dhanjar | Mumbai / Vadodra |
| Matushri. Taraben Navinchandra Chheda (Haste - Shri Jayeshbhai) | Varapadhar | Bhandup |
| Ku. Mudra & Kum. Mohar Rupesh Nagda | Naliya | Wadala |
| Matushri. Ramilaben Shivji Lodaya | Kothara | Mulund |
| Matushri. Jayaben Vishanji Hirji Lodaya Parivar | Moti Khavdi | Mulund |
| Shri. Khushal Talakchand Nagda | Naliya | Mulund |
| M/s Zenith Universal LLP (Haste - Smit, Hetavi, Jash, Harsh, Veer, Neil) | Parjau | Ghatkopar |
| Matushri Kantaben Gulabchand Dharamshi Parivar | Suthri | Mulund |
| Shri. Mulchand Lalji Khona | Jakhau | Vile Parle |
| Matushri. Laxmibai Velji Lodaya Parivar | Arikhana | Mulund |
| M/s Ideal Transport | Varadia | Masjid Bandar |
| Matushri. Velbai Ladhubhai Hirji Lodaya Parivar (Haste - Shri. Punshibhai Lodaya) | Rapar Gadhwari | Ghatkopar |
| Matushri. Laxmibai Shantilal Dharamshi (Haste - Arihant Cars) | Suthri | Mulund |
| Matushri. Vijayaben V. Mota | Suthri | Andheri |
| Shri. Hirachand Shamji Shah | Suthri | Ghatkopar |
| Shri. Mahendra Padamshi Pir | Suthri | - |
| Shri. Pradip Pasoobhai Lodaya (M/S Aryalac Chemicals) | Nani Khavdi | Matunga |
| Matushri. Lilavantiben Raichand Dhrol | Sayera | Borivali |
| Shri. Shantilal Shah | Naliya | Matunga |
| Well Wisher | - | - |
| Well Wisher | - | - |
| Well Wisher | - | - |

**શ્રી ઉર્મિન જયેશ લોડાયા – પ્રમુખ : 9167060043 ● શ્રી મીત સંજય મૈશેરી – માનદ્‌મંત્રી : 9967380347**

**Follow us on #SHREEKDOVS**

# શ્રી ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્સ એસોશિયેશન

કાર્યાલય : C/o. ટી.એમ. ગોસર એન્ડ કંપની, ૧૨, શીવાજી ફોર્ટ કૉ. ઓપ. સોસાયટી લીમીટેડ, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે,
શીવ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૨૨. ફોન : 022-24016093, ઈમેલ : ghanshyamlalka@gmail.com

## બજેટ મિટિંગ - ૨૦૧૯

શ્રી ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્સ એસોશિયેશન દ્વારા સતત ૨૪ વર્ષ થી બજેટ મિટીંગનું આયોજન કરવામાં આવે છે. તે પરંપરા મુજબ આ વર્ષે બજેટ મિટીંગ **શનિવાર, તા. ૧૩-૭-૨૦૧૯**ના બપોરના ૩.૪૫ કલાકે ''**તક્ષશીલા ઓડીટોરીયમ**'' ચાણક્ય બિલ્ડીંગ, કે.જે. સોમૈયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ૪થે માળે, સોમૈયા વિદ્યાવિહાર કેમ્પસ, વિદ્યાવિહાર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ મધ્યે રાખેલ છે.

આ મીટીંગના મુખ્ય અતિથિ : **શેઠશ્રી હંસકુમાર બી. ખીમજી** (માટુંગા-તેરા)

### કાર્યક્રમની રૂપરેખા

### ભાગ ૧

**ઈન્કમટેક્ષ તથા GST ટેક્ષમાં ફેરફારો**

**અધ્યક્ષ : C.A. કમલેશ શીવજી વિકમશી**

(ચાર્ટડ એકાઉન્ટન્સ ઈન્સ્ટીટ્યુટના પૂર્વ પ્રમુખશ્રી)

વિષય : **ઈન્કમટેક્ષમાં ફેરફારો - C.A. ધારીણી શાહ**

વિષય : **GST માં ફેરફારો - C.A. રાજીવ લુઢીયા**

વિષય : **કંપની એક્ટ ૨૦૧૩માં ફેરફારો - C.S. દિવ્યા મોમાયા**

### ભાગ ૨

**આજના સમયમાં વિવિધ રોકાણો કરવાની તકો**

સ્પીકર : **C.A. મુકેશ દેઢીયા**

**Office Bearers :**

**Ghanshyam C. Lalka** (President) - 9820320606
**Gautam Shah** (Vice President) - 9833444468
**Hitesh Dharamshi** (Secretary) - 9821311796
**Devang Kumar Dand** (Treasurer) - 9892812362

**નોંધ :** આ કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિના વિદ્યાર્થીઓ જેમણે મે ૨૦૧૮ તથા નવેમ્બર ૨૦૧૮માં IPCC/PC/PCE વગેરે સમકક્ષ પરીક્ષા તથા C.A./C.S અથવા ICWમાં ઉતીર્ણ થયા હોય તેમનું બહુમાન કરવામાં આવશે. આ માટે ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ પોતાની વિગતો અસોશિયેશનના કાર્યાલયમાં મોકલવવા વિનંતી. સર્વે આમંત્રિતો તથા ઈચ્છુક જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં પધારવા સાદર આમંત્રણ છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442
CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com
ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

## સગપણ એક સમસ્યા ???

આજે સગપણ સમસ્યા આપણી જ્ઞાતિની એક વિરાટ સમસ્યા છે. આજે સગપણ થતાં વર્ષો નીકળી જાય છે. સગપણ કરવાની ઉમર પણ ૨૬-૨૭ થઈ ગઈ છે. કેમકે યુવક હોય કે યુવતી પહેલા ભણે. એ પણ ફક્ત Graduation ન ચાલે; પોસ્ટ Graduation તો કરે જ. પછી Career માટે જોબ કરવી જરૂરી બની જાય છે. એમાં ૨-૩ વરસ નીકળી જાય પછી માંડ - માંડ હા કરે. ત્યાંતો ક્રીમ ઓફ સોસાયટીના યુવા ધન કાં તો લવ મેરેજ કરી લે અથવા ક્યાંક સારું પાત્ર મળતું હોય તો થોડી બાંધ- છોડ કરીને જલ્દી લગ્ન કરી લે. બાકી રહેલા મિડલ ક્લાસના યુવક - યુવતી high package ના salary થી arrogant, selfish અને લાપરવાહ બની જાય છે. એમના expectations બહુ જ high થઈ ગયા છે.




સૌથી પહેલા રહેઠાણની અપેક્ષા. છોકરીના માં બાપ અથવા કોઈ નજીકના સગા ઘર ફરી - ફરી ને જુએ. અને બેસતાં જ એક જ સવાલ સત્તર વખત પૂછશે. આ ઘર ownership નું છે? અને કોના નામે છે? મને તો લાગે છે કે હવે તો ઘર ના ownership ના કાગળ જોવાની પણ માંગણી કરે તો નવાઈ નહીં. આખી જ્ઞાતિમાં પોતાનું ઘર હોય એવા કેટલા પરિવાર? અને શું ભાડે અથવા પાઘડી વાળા ઘર હોય એમણે લગ્ન નહીં કરવા?

પછી યુવક યુવતીની મિટિંગ શરૂ થાય ત્યારે એમાં પાછી અલગ શરતો અથવા સવાલો ? જેમ કે મહિનામાં કેટલા વખત બહાર ફરવા લઇ જશો ? વરસમાં કેટલા વખત out station લઈ જશો? અમુક તો ભવિષ્યમાં આપણું બાળક થાય તો એના માટે તમારા શું પ્લાન છે? એવું સવાલ કરતા ય અચકાતી નથી.

અત્યાર સુધી નોકરી કરીને પૈસા કમાવી ને વાપરવા વાળી, હું પરણ્યા પછી નોકરી નહીં કરૂં તો ચાલશે? એવી માગણી કરનાર છોકરીઓને કહેવાનું મન થાય કે તો પછી ભણી જ કેમ? તમારી સીટ બીજા કોઈ જરૂરિયાત મંદને મળી હોત તો એનું ભવિષ્ય સુધરી જાય.

યુવતીઓ પોતે ભણેલી હોય તો સામે પાત્ર પણ એટલુંજ ભણેલું જોઈએ. બીજું મુંબઇ જ જોઈએ અને થાણા થઈ આગળ કોઈ પરામાં ઘર જોઈએ જ નહીં. તેમજ યુવક પણ સામે કહેશે, ભણેલી તો જોઈએજ અને નોકરી વાળી પણ જોઈએ જ. ઘણી વખત એવું બને કે દેશાવળ ની યુવતીઓ થાણા થી આગળ સગપણ કરવા તૈયાર થઈ જાય પણ એમને શરૂઆતમાં નોકરીએ જવાનું ન ફાવે, મુંબઇની લોકલ ટ્રેનની હાડમારીથી ડર લાગે, એ થોડા સમય માટે બ્રેક લેવા માંગે તો એ યુવકોને ગમતું નથી. અથવા ઘણી વખત મા-બાપ પણ બહુ જ interfere કરતા હોય છે.

ત્યાર બાદ પણ જેમ-તેમ કરી ને બંને પક્ષ રાજી થઇ ને હા પાડે, ચાંદલા વિધિ પતાવે, મહાજન માં લખાવે, અને ત્યાર બાદ લગ્ન પહેલાં છોકરો-છોકરી એક બીજાના ઘરે આવવું- જવું, દિવસો સુધી રોકાવું. એમાં એક બીજાની કંઈક ખામીઓ દેખાય તો તરત સગપણ ફોક. Adjustment or Compromise જેવા શબ્દો જ નથી એમની dictionary માં . તો આનું નિરાકરણ શું?

એક તો જેમ મા-બાપ માટે કહેવાય છે ને કે don't expect from your children. અપેક્ષા ન રાખો. એ વાત ફક્ત માં-બાપ ને જ નહીં, દરેક ને લાગુ પડે છે.યુવક યુવતીઓ એ પણ બહુ expectations ન રાખવા. તમે adjust કરતા શીખો. તમે લગ્ન કરશો તો એડજસ્ટ કરતા પણ આવડી જશે. તમારે એક બીજાને સાથ આપીને, સહકાર આપીને, થોડું ઘણું જતું કરીને, ઘણું બધું મેળવવાનું છે.

માટે જ યુવાઓને કહેવું છે કે આપણે આપણા મા-બાપ ની ઈચ્છા માટે થોડું ઘણું adjust કરતાં હોઈએ છીએ. ફ્રેંડસ સિલેક્ટ કરવામાં અથવા એમની સાથે ફ્રેંડશીપ નિભાવવા માટે પણ આપણે થોડું ઘણું compromise કરતાં જ હોઈએ છીએ. અને નોકરીમાં તો આપણે આપણા બોસ ની મરજી પ્રમાણે ચાલવા માટે અથવા આપણી નોકરી બચાવવા માટે ઘણું બધું જતું કરતાં જ હોઈએ છીએ ને? તો પછી અહિયાં કેમ નહીં?

લગ્ન જીવન ની મજા તો લેવી જ રહી. ખાટા-મીઠાં, મધુરા-કડવાં અનુભવ લેવાનો આનંદ તો અનેરો જ છે. બંને પક્ષે એક બીજાને મનગમતા કરી લેવા, એક બીજાના પરિવાર ને પોતાના બનાવી લેવા, એ પણ એક બહુમૂલ્ય ચેલેન્જ છે. એ ચેલેન્જમાં જ્યારે તમે success થાઓ ને ત્યારબાદ તમારો જીવન સાથી, તમારો પરિવાર અને ત્યાર બાદ સમાજ જ્યારે કોમ્પ્લીમેન્ટ (compliment) આપે ને, એ એક અનમોલ ગિફ્ટ, અવર્ણનીય ફીલિંગ્સ અને unforgettable achievement છે, જે તમે સ્વીકાર કરશો તો જ ખ્યાલ આવશે.

બીજું, મીટિંગ ભલે કરો, મહાજનમાં ભલે નોંધાવો, પણ engagement ceremony અથવા ઘર દેખાણી જેવા પ્રસંગો કરી ને પૈસા ન વેડફવા. Court marriage

અથવા સ્વમાન લગ્ન જેવા સાદા સમારંભ કરવા. અને સગા વહાલાં એ પણ ફોન થી આશીર્વાદ દઈ દેવા. કોઈના ઘરે જઈને interfere કરવું નહીં. ખાસ કરી ને યુવતીના માં-બાપ ને કહેવાનું કે તે યુગલ ને પોતાની રીતે adjust થવા દો.એમના પ્રોબ્લેમ એમને જ solve કરવા દો. એમાં પ્રેમ સોળ કળાએ ખીલી ઉઠશે અને બંનેનું લગ્ન જીવન સુખી થશે.

ત્રીજું, આપણાં મહાજન સગપણ સેતુ જેવી માતબર સંસ્થા ચલાવે છે. તેમાં આપણાં જ્ઞાતિના દરેક વિવાહ યોગ્ય યુવક-યુવતીઓના નામ નોંધાવવા જ જોઈએ. કેમકે ઘણાં લોકો નું સગા, પરિચિતોનું વર્તુળ ખૂબ નાનું હોય છે. એ બહુ લોકો ને ઓળખતા ન પણ હોય. પણ એમના સંતાન ખૂબ હોશિયાર અને દરેક રીતે યોગ્ય હોય પણ સમાજ એમને ઓળખતો ન હોય તો એવા સંતાન કુંવારા રહી જાય છે. અથવા ન છૂટકે પરનાત માં પરણી જાય છે. ''સગપણ સેતુ'' એ for a good and wide choice જેવી સંસ્થા છે. તો બધાએ એને લાભ લેવો જોઈએ અને મહાજન પણ આ માટે વધુ માં વધુ નામ લખાય એ માટે સદા પ્રયત્ન કરતા રહેવા જોઈએ.

**– માલતી હરીશ ધરમશી,** નવી મુંબઇ 9869289945

## બાયઠના પોલડીયા પરિવારો જોગ

પોલડીયા પરિવારના કુળદેવી મોમાઇ માતાજીનું નવનિર્મિત નૂતન મંદિર પૂર્ણ થયેલ છે.

પૂ. માતાજીની પુનઃસ્થાપના આષાઢ સુદ ૧૧ને **તા. ૧૨-૭-૨૦૧૯**ના રોજ સવારના શુભ મુહુર્તે કરવામાં આવશે. તો પોલડીયા પરિવારના સભ્યો તા. ૧૧-૭-૨૦૧૯ સુધી બાયઠ આવવાનું આયોજન કરશો. પાછા જવાની તારીખ ૧૩-૭-૨૦૧૯ના વ્યવસ્થા કરજો.

**સૌને પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.**


**લી.**

**પોલડીયા પરિવાર સમિતિના**

**જય માતાજી**

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.




**મહેન રમેશ પોલડીયા**
ડુમરા - મુલુંડ
**C.A. Final**



**હર્ષ નલીન ધુલ્લા**
સેવક ભરૂડીયા - મુંબઇ
Dip. in Comp. Eng. **91%**



**ભાવી કેતન મૈશેરી**
લાલા - કાંજુરમાર્ગ
S.S.C. **77.80%**



**દેવાંશ ગિરીશ શાહ (નાગડા)**
નલિયા - મુલુંડ
S.S.C. **94.40%**



**પારસ ગૌતમ મૈશેરી**
-
S.S.C. **90.20%**



**ધાનવી શૈલેશ ઓસવાલ**
ઇગતપુરી, નાશિક
S.S.C. **86.20%**



**લબ્ધી શૈલેશ લોડાયા**
કોચીન
S.S.C. **98.88%**

# શ્રી સુથરી જૈન સંઘ સ્નેહ મિલન - ૨૧ એપ્રિલ ૨૦૧૯


























































# શ્રી સુથરી જૈન સંઘ ધ્વજા મહોત્સવ- ૧૧ મે ૨૦૧૯




















# શ્રી સુથરી મહાતીર્થ ધ્વજા-ઉત્સવ

શ્રી સુથરી મહાતીર્થમાં ધૃતકલ્લોલ પાર્શ્વનાથદાદાના દરબાર ૧૮૦મી ધ્વજાનો ઉત્સવ ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ઉજવાયો. ધ્વજા પ્રસંગે પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મુક્તિરત્નાસાગરજી મહારાજ સાહેબ તથા પરમ પૂજ્ય સાધ્વીશ્રી મહાયશાશ્રીજીની નિશ્રા હતી. ૧૮૦મી ધ્વજાનો પ્રસંગ નવા ઈતિહાસ સાથે યોજાયો. આ વખતે સુથરી ગામની નિયાણી બહેનો સારી સંખ્યા સાથે અનન્ય ઉત્સાહ સાથે સહભાગી થઇ.

## પ્રથમ દિવસ તા. ૯-૫-૨૦૧૯, ગુરુવાર : પંચ કલ્યાણક પૂજા

પૂજા ભણાવવા કચ્છ માંડવીથી મહીલા મંડળ પધારેલ. આ આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ તથા પ્રભુજીની અંગરચના અને જીવદયાનો લાભ શ્રી સુથરીની નિયાણી બહેનોએ લીધેલ.

## બીજો દિવસ તા. ૧૦-૫-૨૦૧૯, શુક્રવાર : અઢાર અભિષેક

અઢાર અભિષેક વખતે વિધિકાર પ્રવીણ સાવલા તથા સંગીતકાર કિશોર સંગાર અને કમલેશ ગોસ્વામીની જોડીએ સંઘને રસ-તરબોળ કર્યા. રાતના દાંડીયા રાસનું આયોજન થયેલ. સાધર્મિક ભક્તિના લાભાર્થી સવારના નવકારશી માતુશ્રી ઝવેરબાઇ શામજી ખીંયશી દંડ પરિવાર, બપોરનું જમણ સંઘ સ્વરૂપે તિર્થયાત્રાએ આવેલ અમદાવાદના બાઠિયા પરિવારના ૧૬૦ જણાએ સાધર્મિક ભક્તિ સંઘ જમણનો લાભ લીધો. સાંજનું જમણ માતુશ્રી ધનબાઇ લખમશી ખીંયશી ધરમશી પરિવારે લાભ લીધેલ.

## ત્રીજો દિવસ તા. ૧૧-૫-૨૦૧૯, શનિવાર : સત્તરભેદી પૂજા તથા ધ્વજા આરોહણ

સત્તરભેદી પૂજા તથા ધ્વજા આરોહણ વિધિકાર પ્રવીણ સાવલાએ સંગીતકાર સાથે ભણાવી. આ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી.

સવારના : માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર
(ભાઇશ્રી હિરાચંદના ૬ઠા વર્ષીતપના પારણા અને ભાઇશ્રી વિનોદની પુણ્યતિથીની સ્મૃતિરૂપે)
બપોરનું જમણ : શ્રી પોપટલાલ સાકરચંદ શાહ પરિવાર (મદ્રાસવાળા)
સાંજનું જમણ : માતુશ્રી સોનબાઇ કુંવરજી ખીમજી દંડ પરિવારે લાભ લીધેલ.

આ ધ્વજા ઉત્સવ વખતે અઢાર-અભિષેકના નકરામાં રૂા. ૭૫,૦૦૫/- રોકડામાં ધૃત-ઉછામણીમાં થયેલ જ્યારે ઘીનો બોલી રૂપે ૫૭,૧૨૭ મણ ઘીની બોલી થઇ. કુમારપાળ રાજાની આરતીનો લાભ રૂા. ૪૧,૦૦૧/- માં કારાણી પરિવારે લીધો. દરેક પ્રસંગે પ્રમુખ બોલીના લાભાર્થી શેઠ પોપટલાલ સાકરચંદ શાહ(મદ્રાસ) પરિવાર, શ્રી કારાણી પરિવાર, શ્રી સોમચંદ વિશનજી મોમાયા પરિવાર, શ્રી દેવેન શાંતિલાલ ધરમશી પરિવાર અને અન્ય સુથરીવાસી પરિવારે ખૂબ ઉત્સાહથી લાભ લીધેલ. ધ્વજા પ્રસંગે મુંબઇથી કે દેશભરમાંથી આવેલ પરિવારને રેલ્વે-ટિકિટની રકમના દાતા માતુશ્રી લક્ષ્મીબાઇ શાંતિલાલ ધરમશી પરિવાર લીધેલ.

ઉક્ત પ્રસંગે કુલ ૩૫૦ જણાની હાજરી પ્રસંગનો ઉત્સાહમાં આવેલ ઉછાળો દર્શાવે છે. જેમાં નિયાણી બહેનોની સંખ્યા પણ સારી હતી. તે ઉપરાંત કોઠારા-સાંયરા-તેરા-વારાપધરથી પણ મહાનુભાવોએ હાજરી આપેલ.

સુથરીવાસી ભાઇઓ અને નિયાણી બહેનો મુંબઇ તથા દેશાવરમાં વસતા પરિવારો હજી વધુ લાભ લે એવી આશા સેવીએ છીએ.

તા. ૧૨-૫-૨૦૧૯ રવિવાર : શ્રી ભલારા દાદા મુળ સ્થાનકે ત્રીજો ધ્વજા-ઉત્સવ તથા પહેડી પ્રસાદનો હતો. તે દિવસની સાધર્મિક ભક્તિ બપોરની શ્રી ભલારા દાદા મુળ સ્થાનક ટ્રસ્ટે લીધેલ.

# શ્રી સુથરી મહાતીર્થ
## સ્નેહ મિલન સમારોહ અહેવાલ

સમી સાંજે સુરજ ઢળ્યો અને તારલીયા ટમટમે ૨૧ એપ્રીલ ૨૦૧૯નો દિવસ અને રવિવાર જેની યાદ તાજી કરવાનો આ અવસરીયો. જેમ સાગરમાં વાવાઝોડું આવ્યું હોય અને ઉંચા ઉઠતા મોજાથી આસપાસમાં પાણી ભરાઇ જાય એવો અનોખો પ્રસંગ સુથરીના ભાઇઓ અને બહેનો-દિકરીઓએ એશીયન બેન્કવેટ હોલ ભાંડુપ ખાતે તાદશ્ય કર્યો. હૈયે હૈયા ભટકાય અને હુંભથી મલેજો થીએ ત વાતાવરણજો રંગ પણ નિરાલો હોય. બરાબર ૫:૩૦ વાગ્યાથી સુથરીવાસી ભાઇઓ અને બેનોનો પ્રવાહ શરૂ થયો. શરૂઆતે ધીમી ધારે અને પછી જોરદાર પ્રવાહથી ૬:૩૦ વાગ્યે હોલ લગભગ ભરાઇ ગયો.

કાર્યક્રમની શુભ શરૂઆત દિપ પ્રગટાવી કરવામાં આવી. શ્રી સુથરી જૈન સંઘ દ્વારા પ્રાસંગિક આવકાર આપવામાં આવ્યો. કાર્યકર ભાઇઓ અને સ્વયંસેવકો દ્વારા કરાયેલા આયોજન પ્રમાણે શુભ શરૂઆત થઇ. સુથરી ગામની અસ્મિતાઓના દર્શન કરાવવામાં આવ્યા.

ઉત્તમ છેડાએ સંચાલનના સુત્રો સંભાળ્યા અને અવનવા પ્રયોગથી સ્નેહ-મિલનમાં પધારેલ સુથરીવાસીઓને એવા રસતરબોળ કર્યા કે કોઇ ખુરશી છોડી ઉઠવા તૈયાર ન હતાં.

સુથરીના વરિષ્ઠ નાગરીકો જે સ્નેહ મિલનમાં હાજર રહેલા તેમનું સન્માન કરવામાં આવેલ.

ભાવતા ભોજનીયા હોય, મનગમતા કાર્યક્રમ હોય અને નિરબ બારોટ જેવા કલાકાર હોય તો કોણ મુકે. મુંબઇના વરસાદની જેમ ધીમી ધારે શરૂ થયેલ પ્રવાહ અને વચ્ચે જોરદાર ઝાપટું આવે પછી શાંત રીતે વરસાદ વરસે એ રીતે મુંબઇગરા સુથરીવાસીઓનો પ્રવાહ ૮:૩૦ વાગ્યા સુધી મોડે મોડે પણ સ્નેહમિલનના પ્રસંગ પર હાજર થયેલ ૮૦૦ જણની કેપેસીટીવાળો હોલ ટૂંકો પડ્યો. કેટલાય જણ ઉભા ઉભા આનંદમાં સહભાગી થયા.

રાત્રે ૯:૦૦ કલાકે નિરવ બારોટે સ્ટેજ પરથી પોતાની આગવી છટાથી પ્રસંગમાં રંગ ઓપ્યો. દાંડીયા રાસ અને ગરબાથી શુભ શરૂઆત થઇ જે દોઢ કલાકના કાર્યક્રમથી રમઝટ થઇ.

આ સ્નેહમિલન સમારોહના દાતા - ધરમશી સિક્યુરીટી, અરિહંત કાર્સ, નરશી કોટન, જોય ગ્રુપ નો સુથરી જૈન સંઘ આભાર વ્યક્ત કરે છે.

## સગપણ વિચ્છેદ




એક જમાનો હતો જ્યારે માત્ર ચા-નાસ્તા સાથે દસથી પંદર મિનિટ એકબીજા સાથે વાત કરીને યુવક-યુવતીએ આખી જીંદગી સાથે ગાળવાનો ફેંસલો લેવો પડતો. બૌધ્ધિક રીતે તો આ વાત જરા યે ગળે ન ઉતરે આપણે એક કાર લેવી હોય તો પહેલાં કેટલાં યે મૉડેલની તપાસ કરીએ છીએ, પછી પસંદ આવેલી કાર કેટલું માઈલેજ આપશે, એમાં નવી ટૅક્નાલોજીની શી શી ખૂબીઓ છે એની ચકાસણી કરીશું, ટેસ્ટ ડ્રાઈવ લેશું અને ત્યાર બાદ જ કાર બુક કરાવાશે. પરંતુ જેની સાથે આખી જીંદગી ગાળવાની હોય એવી વ્યક્તિ લગ્ન પહેલાં ત્યારે ભાગ્યે જ જાણવા મળતી. લગ્ન 'ખુલ જા સીમ સીમ' જેવું હતું. ગુફામાં પ્રવેશો પછી ખબર પડે કે અંદર શું છે! બંનેના રસ-રુચિ સાવ અલગ હોય તો એની મોટા ભાગે લગ્ન પછી જ ખબર પડતી. જો કે બંને વ્યક્તિઓ અંદર જે મળે તે સ્વીકારવાની તૈયારી સાથે જ ગુફામાં પ્રવેશતી, તેથી ગમતું-ન ગમતું જે કાંઈ મળે તેનિભાવી લેવાતું. એમાં ય આશ્ચર્યની વાત એ છે કે આવાં લગ્નોની ગાડી અટક્યા વિના ચાલ્યા કરતી. વળી વડીલોનું જીવન દર્શન અને માર્ગદર્શન એવા હતાં કે 'સંસારમાં કશું પૂર્ણ નથી', 'મરજી મુજબ સો ટકા ક્યારેય થતું નથી', જે લગ્નજીવનની અને બહોળા અર્થમાં જીવનની પોતાની વિષમતાઓને સમજવામાં સહાય કરતા.

આપણા સમાજમાં મોટી વિષમતા એ હતી કે કન્યાને બચપણથી એણે સાસરે જવાનું છે અને ત્યાં એણે સૌને અનુકૂળ થઈને રહેવાનું છે એવી કેળવણી આપતાં એનો ઉછેર થતો. જ્યારે છોકરાને એણે ભવિષ્યમાં પત્નીને અનુકૂળ થવાનું છે એવી કેળવણી આપવાની તો બહુ દૂરની વાત છે પણ એવી જાતનો કોઈ વિચાર પણ એના કાને નાખવામાં આવતો નહીં. આવનારી છોકરી જ એને અને ઘરનાં સૌને અનુકૂળ થઈને રહેશે એવી માન્યતા હતી. સમયના વહેણની સાથે કુટુંબમાં બાળકોની સંખ્યા ઓછી થઈ, એક કે બે બાળકોને જ કુટુંબમાં સ્થાન મળતા દીકરીઓનું મહત્ત્વ વધ્યું, એમની પ્રત્યે ઓરમાયું વર્તન દાખવાતું બંધ થયું, એમને પણ એક વ્યક્તિ તરીકે દીકરા જેટલા જ હકો અને સગવડો મળવા લાગ્યાં. ઘરના વાતાવરણે દીકરીઓનો આત્મવિશ્વાસ વધાર્યો જે એમને ફક્ત ઉચ્ચ શિક્ષણ આપવાથી નહોતું બની શક્યું. આ ઉપરાંત ભણી ગણીને દીકરીઓ ઘરમાં બેસી ન રહેતાં કમાવા લાગી. અત્યાર સુધી આર્થિક દોર હાથમાં હોવાને લીધે પુરુષ જે વર્ચસ્વ ભોગવતો તેમાં હવે ગાબડું પડ્યું. સમાજની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હકીકતમાં સ્ત્રીનું શોષણ જ થતું ને એને કોઈ પણ અધિકાર આપ્યા વિના એની મહાનતાને બિરદાવવામાં આવતી. આજની નારીને એ આભાસી મહાનતા સ્વીકાર્ય નથી. એને પોતાની જીંદગી પોતાની શરતે જીવવી છે. માત્ર એક કે બે બાળકો હોવાથી માતા-પિતા માટે બાળકોની ઈચ્છાઓ પૂરી કરવાનું આસાન બન્યું. એમાં યે ભારતમાં આર્થિક વિકાસ દર વધતાં વાલીઓ બાળકો જે માગે તે હોંશે હોંશે અપાવવા લાગ્યાં. પરિણામે બાળકો 'ના' સ્વીકારવા ટેવાતા નથી અને સમાજમાં વાલીએ મોબાઈલ ન લઈ આપતાં બાળકે આપઘાત કર્યો, એવા કિસ્સા બનાવા લાગ્યા. બાળકનું મનધાર્યું ક્યારેક થાય, ક્યારેક ન થાય તો એનામાં સહનશીલતાનો ગુણ આપમેળે ખીલે છે. આગળ જતાં જીંદગી ધાર્યા પ્રમાણે વળાંક નહીં લે તો યે સહ્ય લાગશે. હું એવા એક યુગલને ઓળખું છું જે પોષાતું હોવા છતાં એમનાં બાળકોને મોંઘી ચીજ માત્ર એમના જન્મદિવસે અપાવે છે જેથી એમને વસ્તુની કીમત રહે એની ખોટી આદત ન પડે.

બાળકોને સહનશીલતા, નમ્રતા, ક્ષમા વગેરે ગુણો એમના વ્યક્તિત્ત્વનો ભાગ બને એ રીતે ઉછેરવા જરૂરી છે. ભલે હવે પહેલાંની જેમ મોટાં કુટુંબો સાથે નિભાવવાનું નથી પરંતુ સહનશીલતા નહીં હોય તો સાથીદાર સાથે ય નહીં ફાવે. એટલું જ નહીં, દુનિયામાં કોઈની ય સાથે નહીં ફાવે. કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. અન્યની અપૂર્ણતાને સ્વીકારવાની આપણી તૈયારી હોવી જ જોઈએ કેમ કે આપણી અપૂર્ણતા એણે પણ સ્વીકારવાની છે. પહેલાં વેકેશનમાં કુટુંબીજનો આવીને ઘરમાં રહેતાં ત્યારે આપોઆપ નિભાવવાના, વહેંચવાના સંસ્કાર મળતા. આજે આપણે પરીક્ષા, માર્ક્સ, ઈત્તરપ્રવૃત્તિઓ આદિને એટલું બધું મહત્ત્વ આપીએ છીએ કે જીવન જીવવાની પાયાની શરતો જ બાળકને શીખવવાની રહી જાય છે. જીવન સારી રીતે જીવવા માટે આર્થિક વિકાસ અને સફળતા જેટલાં જરૂરી છે તેટલું જ જરૂરી છે મજબૂત, ઉદાત્ત અને વિશાળ મનનું હોવું. આવું મન શાળા અને કૉલેજમાં તૈયાર થતું નથી. એ ઘર અને કુટુંબના પોષણથી જ ઉછરે છે. આવું મન એ વ્યક્તિના પોતાના જ સુખનું કારણ બને છે.

આ પૂર્વભૂમિકા એટલે બાંધી છે કે આજે આપણને ચિંતિત કરતો સગપણ વિચ્છેદનો મુદ્દો રાતોરાત ઊભો નથી થયો. સગપણ તૂટવાનું મહદ કારણ આજના યુવાનોના શબ્દોમાં કહીએ તો 'કમ્પેટિબિલિટી ન હોવી' એટલે કે બંને વચ્ચે અનુરૂપતા ન હોવી તે છે. યુવાનોને સગાઈની બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા છે, સગાઈ પહેલાં બે-ત્રણ કે વધુ મુલાકાતો થઈ જાય છે તો પછી વાંધો ક્યાં આવે છે? ગણાંને લાગે છે કે યુવતીઓ કમાવા લાગી છે તેને લીધે આમ બને છે. બંનેને સામેના પાત્રનો શોખ, પસંદગી-નાપસંદગી, સ્વભાવની લાક્ષણિકતાઓ વગેરેનો ખ્યાલ આવે છે અને એ સાથે જ એ ખ્યાલ પણ આવે છે કે આ પાત્ર સાથે જીવન જીવવાની મજા આવશે કે નહીં. હવે પડ્યું પાનું નિભાવી લેવાની માનસિકતા

નથી, એમાં યે લગ્ન ન થયાં હોય તો અંધકારમય ભવિષ્ય તરફ ડગ માંડવાને બદલે આ તબક્કે જ અટકી જવું સારુ એવું સૌને લાગે છે. જન્માક્ષર મળે, બે-ત્રણ મુલાકાતો પછી બધું બરાબર લાગે તો આપણે સગાઈ જાહેર કરવા ઉતાવળા થઈએ છીએ. આપણે સૌએ એ સમજવું જરૂરી છે કે બે ત્રણ મુલાકાતોમાં સામેવાળી વ્યક્તિનો પૂરો ખ્યાલ આવતો નથી. બંને પક્ષનાં વડીલોએ સગાઈ જાહેર કરતાં પહેલાં યુવક-યુવતીને એકલાં મળવાની પૂરતી તકો આપવી જોઈએ. ખરેખર તો પહેલી મુલાકાત અને સગાઈ જાહેર કરવાના દિવસ વચ્ચે બે મહિનાનો ગાળો રાખવામાં આવે અને એ દરમ્યાન યુવક-યુવતીને દર અઠવાડિયે એક વખત બહાર મળવાની તક આપવામાં આવે તો સગપણ વિચ્છેદનો પ્રશ્ન આટલો ગંભીર નહી બને. મુલાકાતો દરમ્યાન એમને એટલો ખ્યાલ તો આવી જ જશે કે બંને એકબીજાને અનુરૂપ છે કે નહીં. સૌ ઈચ્છે છે કે સગાઈ પહેલાં વાત વધુ ન ફેલાય તેથી વધુ હળવા-મળવા દેવાની વિરુદ્ધ હોય છે. જો આપણી જ્ઞાતિનો બે મહિના સુધી મળતાં રહેવાનો ધારો જ થઈ જાય (એક જ મહિનામાં લાગે કે નહીં ફાવે તો બીજો મહિનો ખેંચવાની જરૂર નથી) તો વાત સગાઈ કે લગ્ન સુધી ન પહોંચે તો પણ કોઈને શરમાવાનું કે નાલેશી અનુભવવાનું રહેશે નહીં.

આપણે સમય સાથે સગાઈની રીતમાં ઘણાં ફેરફારો કર્યા છે. એક જમાનો એવો હતો જ્યારે છોકરા કે છોકરીને એમની સગાઈ કરી નાખ્યા પછી જણાવાતું. ત્યાર બાદ વડીલોની હાજરીમાં બંને એક-બીજાને 'જોઈ' શકતાં. એથી આગળ વધીને 'ચા પિવાય' તેટલો સમય યુવક-યુવતીને એકલાં વાતચીત કરવા અને એના આધારે ફેંસલા લેવા માટે અપાતો. આજે આપણે ત્રણ-ચાર મુલાકાતો સુધી પહોંચ્યા છીએ તો હજુ એક ડગલું આગળ વધીને બે મહિના ઓળખવાનો સમય આપવામાં શો વાંધો છે? રીત-રિવાજો સમયની માંગ પ્રમાણે જ ઘડાય છે.

**– ચંદ્રિકા લોડાયા, પુના, 98901 77099**

---

**પ્રકાશ સમીક્ષાના પ્રતિનીધીઓ**

**મહેશભાઈ જવેરચંદ લોડાયા** – વારાપધર, ગાંધીધામ
મો. **99043 53381 / 79908 23606**

**શશીકાંત કુલિનકાંત લોડાયા** – કોચીન
મો. **93874 41909 / 88938 41909**

**હેમાંગ શાહ** – મુલુંડ (વેસ્ટ), મુંબઈ
મો.: **09920646846**

**ગુલાબચંદ હિરજી છેડા** – જશાપર-સૂરત
મો.: **099985 56567**

## ભાવાંજલિ



**અ.સૌ. હીના**
**રતીલાલ ધ્રોળ**
સાંચરા (કોટડી મહાદેવપુરી) - ડોંબીવલી
જન્મ : તા. ૪/૧૨/૧૯૬૩
મરણ : તા. ૬/૬/૨૦૧૯

(રાગ : ભીંજાય ઘરચોળો ને ભીંજાય ચુંદડી રે લોલ)

સુના રતીલાલભા થઇ ગયા રે લોલ,
સુના છે કંઇ દામજી નરશી ધ્રોળ પરિવાર રે,
હીનાભાભી ગયા અમને છોડી ને રે લોલ,
લીલમ ખોચી છે એની માવડી રે લોલ,
નમન, મોક્ષ, વીર, પલક ખોચા એની નાની રે, હીનાભાભી ગયા...
છઠ્ઠી તે જૂન ગોઝારી બની રે લોલ,
આવ્યો એનો અચાનક કાળ રે, હીનાભાભી ગયા...
રોઇ રોઇ ને આંસુ સુકાઇ ગયા રે લોલ,
યાદ આવે દિવસ ને રાત રે, હીનાભાભી ગયા...
મા જેવા હતા મારા ભાભીજી રે લોલ,
પુરચા અમારા અમુલક કોડ રે, હીનાભાભી ગયા...
વૈશાલી, ડોલર આદીનાથદાદા ને વીનવે રે લોલ,
મારા હીનાભાભી ને દેજો મોક્ષધામ રે, હીનાભાભી ગયા...

શ્રદ્ધા સુમન : **માતુશ્રી ગંગાબાઇ ખેતશી મુરજી શિયાડ પરિવાર**
**અ.સૌ. વૈશાલી ડોલર શિયાડ**, નાશિક (જખૌ)

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા.૧૭/૧૦/૧૯૮૧

અરિહંત શરણ :
તા.૧૫/૭/૨૦૧૮

**સ્વ. અનીતા રાજેશ શિયાડ**
ગામ : દલતુંગી, હાલ : ડોંબીવલી

આપનું સાદગીભર્યું જીવન, માયાળુ લાગણીશીલ પ્રેમાળ સ્વભાવ ભુલ્યું ભુલાશે નહિં. આપની પ્રથમ પુણ્યતિથીએ પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના.

હરપળ આપને યાદ કરનાર આપના સ્વજનો.

પતિ : **રાજેશ દામજી શિયાડ**
પુત્રી : **મૈત્રી રાજેશ શિયાડ**
દેર-દેરાણી : **સુનીતા વિજય શિયાડ**
**કિંજલ વિજય શિયાડ**

આપના શોકમાં સહભાગી
**માતુશ્રી નેણબાઇ દામજી શિયાડ**
**માતુશ્રી લક્ષ્મીબેન આશારામ મોટવાની (દિલ્હી)**

# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ

**સુધારો :**

પ્રકાશ સમીક્ષાના તા. ૦૫ જુન ૨૦૧૯ના અંક નં. ૨૧માં પાના નં. ૦૭ થી પાના નં. ૧૦ પર જાહેરખબર રૂપે છપાયેલ ''રાણપર નગરે ઉજવાયેલ ત્રયાન્હિકા મહોત્સવ'' (અહેવાલ)માં નીચે મુજબ સુધારો વાંચશો.

**પાના નં. ૮ :** ● વિધિમંડપનો લાભ માતુશ્રી જેતબાઇ લખમશી મુલજી છેડા વાંચવું. ● માણેક સ્તંભ સ્થાપનાના લાભાર્થી માતુશ્રી જેતબાઇ કરમશી છેડાના બદલે માતુશ્રી જેતબાઇ લખમશી મુલજી છેડા વાંચવું.

**પાના નં. ૯ :** ● શિખર કળશના લાભાર્થી માતુશ્રી જેતબાઇ લખમશી મુલજી છેડા નલીયા, મુલુંડ વાંચવું.

**પાના નં. ૧૦ :** ● અઠ્ઠમતપની આરાધના રાણપરના નિયાણી અ.સૌ. ભૂમિબેન અમિત શિયાલ, તેરા-ઘાટકોપરની બદલે જખૌ-ઘાટકોપર વાંચવું.

**ગોલ્ડન દાતા :** ૩. માતુશ્રી દેકાંબાઇ દામજી વિકમશી, રાણપર-લાયજા ના બદલે માતુશ્રી દેવકાંબાઇ દામજી વિકમશી, રાણપર-લાયજા હસ્તે મધુબેન કાનજી વિકમશી હાલ લાયજા વાંચવું.

● પ.પૂ. સાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા. તથા પ.પૂ. રત્નરેખાશ્રીજી મ.સા.ના ગુરૂભક્તો તરફથી, ને બદલે પ.પૂ. મુ. સાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી રતનશ્રીજી મ.સા.ના ગુરૂભક્તો તરફથી વાંચવું. (આ નામ સિલ્વર દાતા યાદીમાં નં. ૨ પર છે જે ગોલ્ડન દાતામાં વાંચવું.)

**સિલ્વર દાતા :** ૧. અ.સૌ. ભૂમિબેન અમિત શિયાલ, તેરા-ઘાટકોપરને બદલે જખૌ ઘાટકોપર વાંચવું.

૨. માતુશ્રી વનિતાબેન હીરાચંદ વિકમશી - પ.પૂ. સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી, રાણપર-અંધેરી ને બદલે શ્રીમતી વનિતાબેન હીરાચંદ વિકમશી - પ.પૂ. સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી મ.સા. તથા જીનગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી, રાણપર-અંધેરી વાંચવું.

૩. માતુશ્રી જેતબાઇ મુલજી છેડા, નલીયા-મુલુંડને બદલે માતુશ્રી જેતબાઇ લખમશી મુલજી છેડા, નલીયા-મુલુંડ વાંચવું.

**અંક - ૨૨ તા. ૨૦ જુન ૨૦૧૯ ૧૮ કૉલમ ૩માં સુધાર**


શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**
દ્વારા સંચાલિત

**અનંત પેથોલોજી લેબ**

**ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...**

આપ સૌ વડીલ જ્ઞાતિજનોના આશિર્વાદથી અનંત પેથોલોજી લેબ ના ૨ વર્ષની સફળ મંજિલ જેમાં ૧૦૦૦૦ દર્દીઓ દ્વારા વિવિધ પેથોલોજી ચિકિત્સાનો લાભ લેવાયેલ છે તેની ઉજવણી રૂપે અનંત પેથોલોજી લેબ દ્વારા જ્ઞાતિજનો માટે તા. ૧૩-૭-૧૯ ને શનિવારના આંખ તથા મધુપ્રમેહ (ડાયબિટિસ) માટે ફ્રી (મફ્ત) ચિકિત્સા....

**૧) આંખ માટે - ડૉ ફુશલ શાહ** Fellow Cornea, DNB (Oph)

**૨) મધુપ્રમેહ (ડાયબિટિસ) - ડૉ. પ્રાંજલિ શાહ** MBBS, F.Diab (Chennai), P.G. Dip. Diab (Chennai)

(આપ આપનું નામ તા. ૧૧-૭-૧૯ સુધી સોમવાર થી શનિવાર ૧૨.૦૦ થી ૪.૦૦ અને રવિવાર ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે દરમ્યાન અનંત પેથોલોજી લૅબ ફોન: M : 8879990987 ● T : 022 25640987 નોંધાવી લેશોજી. (પહેલો તે વહેલાના ધોરણે) અને

તદ્ઉપરાંત દરેક વ્યક્તિ માટે **તા. ૧૩-૭-૧૯ થી તા. ૧૯-૭-૧૯** દરમ્યાન


**દાંતની ચિકિત્સા DENTCURE ડૉ. ઉર્વી શાહ** (ડેન્ટલ સર્જન) દ્વારા ફ્રી ચિકિત્સા અને **પેથોલોજી લૅબની** કોઈપણ ચિકિત્સા માટે **10%** વળતર (ડીસ્કાઉન્ટ) અને **મેટ્રોપોલિસ** દ્વારા ચિકિત્સામાં **5%** વળતર (ડીસ્કાઉન્ટ) આપવામાં આવશે.

WE CARE
SHETH SHRI NASRSHI NATHA MEDICAL TRUST
OUR MISSION IS YOUR HEALTH

**અનંત પેથોલોજી લેબ**
૫, ગ્રાઉન્ડ ફ્લોર, લાધાણી હાઉસ, વાલજી લધ્ધા રોડ,
હિરા મોંગી હૉસ્પીટલની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.


## જ્ઞાતિના આગામી આયોજન

- **મોટી ખાવડી :** ૧૧/૭/૧૯ ચાતુર્માસ પ્રવેશ, અતિથીગૃહનું ઉદ્‌ઘાટન
- **સાંધવ :** ૧૪/૭/૧૯ મહારાજ સાહેબના સામૈયા નગર પ્રવેશ માટે આમંત્રણ
- **મુલુંડ :** ૧૪-૨૧/૭/૧૯ આઈકેર, ઇએનટી કેમ્પ નરશીનાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે
- **ઘાટકોપર :** શનિવાર તા. ૨૦/૭/૧૯ કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન તરફથી કિડની કેમ્પ
- **મંજલ :** ૨૭-૭-૧૯ એક દિવસીય મંજલ યાત્રા
- **મોટી ખાવડી :** ૫/૮/૧૯ ધ્વજારોહણ મહોત્સવ
- **મુલુંડ :** ૧૨/૮/૧૯ શ્રી અરિહંત કો.ઓ. બેંક લી.ની એન્યુઅલ જનરલ મીટીંગ
- **સુથરી :** ૧૦-૧૨/૧૧/૧૯ ખોના પરિવારોના અંબે માતાજીની સમુહ પહેડી અને ગંધી બદલવી
- **વારાપધ્ધર :** ૧૨/૧૧/૧૯ લાલકા પરિવારોના કુળદેવી ચામુંડા માતાજીની ૧૦મી પહેડી


લગ્નદિપ
સાડી | લહેંગા | ડ્રેસીસ | ઈન્ડો વેસ્ટર્ન
૧૨ - ૨૨ જુલાઈ
મેગા
સેલ
ફેસ્ટિવલ
૩૫%
સુધી
ભારી ડિસ્કાઉન્ટ
કસબ અને જિક કસબ,પીટટા,
મોચી,પારસી અને બટ કસબ
ની સાડીઓ અને ચણીયા ચોળી
ની નવીડિઝાઈનો
ભરપૂર સ્ટોક
Shop No B/13, Jalaram Ashish, Devidayal Rd,
Mulund West, Mumbai - 400080
022 25680807 +91 7666688881 +91 7666622229
Email id : lagnadeepmulund@yahoo.com Follow us on :

ज्ञातिने स्पर्शता समाचारो टूंकमां पानानी एक बाजुए सारा अक्षरे कार्यक्रम पूर्ण थाय के तरत लखी मोकलवा विनंती.

### શ્રી અખિલ ભારત અચલગચ્છ શ્વે. જૈન સંઘ

ઉપરોક્ત સંસ્થાના બંધારણ મુજબ તા. ૩૧-૦૭-૨૦૧૯ સુધી જે વ્યક્તિ સામાન્ય સભ્ય તરીકે નોંધાઇ હશે તેને જ સંસ્થાની સવંત ૨૦૭૬ થી ૨૦૭૮ સુધીના કાર્યકાળ માટે થનાર ચુંટણીમાં ઉમેદવારી તેમજ મતદાન કરવાનો અધિકાર રહેશે.

### મુલુન્ડ (વેસ્ટ) મધ્યે આંખોની મફત ચકાસણી

આયોજક શ્રી બિપીન પાશ્વીર નાગડા દ્વારા આંખોની મફત ચકાસણીનો કેમ્પ ૩૦ જુન ૨૦૧૯ના કોન્ટાકેર આઈ હોસ્પિટલ, મુલુન્ડ (વેસ્ટ) મધ્યે રાખવામાં આવેલ હતો, જેમાં આંખોને લગતા વિવિધ પ્રકારના રોગોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં આપણા ૧૨૫ થી વધુ કેડીઓ ભાઈ - બહેનો એ લાભ લીધેલ હતો.

આ કેમ્પ દરમ્યાન જ્ઞાતિજનોના ત્રણ ઓપરેશન તથા ત્રણ ચશ્માની વ્યવસ્થા આયોજક શ્રી બિપીન પાશ્વીર નાગડા તથા કોન્ટાકેર આઈ હોસ્પિટલ ના સહયોગ થી ૫૦% રાહત દરે કરી આપવાની સવલત આપવામાં આવી હતી.

### શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન દિવ્યાંગ સમિતિ

૧૦ મી જૂન, ૨૦૧૯ ના રોજ શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ સમિતિએ દિવ્યાંગોના માતા-પિતા અને સંભાળ રાખનારાઓ માટે નિષ્ણાતો સાથે વાર્તાલાપનું આયોજન કર્યું હતું. અનંત છાયા, ઘાટકોપરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં, મુંબઈના જુદા જુદા ભાગોમાંથી લગભગ ૩૦ માતા-પિતા અને પરિવારના સભ્યોએ ભાગ લીધો હતો.

સમિતિના શ્રીમતી શિલ્પા અજાણીએ જે સ્વાગત સંબોધન કર્યું તે સહુ શ્રોતાજનોના હૃદયને સ્પર્શી ગયું હતું. કાઉન્સેલર, કારકિર્દી સલાહકાર અને ટ્રેનર એવા ભાવિકા લાડે પોતાના પ્રવચનમાં આદર્શ પેરેંટિંગ માટે ૫ 'પી' ની ટીપ્સ આપી હતી. ત્યાર પછી હાઈપર બાળકોને સંભાળવાથી લઈને દિવ્યાંગોની સામાજિક સ્વીકૃતિ સંબંધી વિવિધ પ્રશ્નો પર જવાબ આપ્યાં હતાં.

શ્રી કિરિટભાઈ પરીખે, જેઓ પોતે એક દિવ્યાંગ પુત્રીના પિતા છે, ભારત સરકારની 'નિરામય' દિવ્યાંગો માટેની ડિસેબિલિટી હેલ્થ ઇન્સ્યોરન્સ સ્કીમ સહિત, જુદી જુદી યોજનાઓની માહિતી રજૂ કરી. તેમણે માતા-પિતાના મૃત્યુ બાદ દિવ્યાંગોના લાભ માટે બનાવાયેલી નાણાકીય યોજનાઓ વિશે પણ વાત કરી.

બન્ને અતિથી વક્તાઓનું સન્માન ક્રમશઃ શ્રીમતી સુરેખા મોતા તથા શ્રીમતી નીના સાયલા દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રીમતી કાશ્મીરા લુઠીયાના મંતવ્ય પછી શ્રીમતી શિલ્પાએ આભાર દર્શન કર્યું.

### શ્રી શત્રુંજય એકેડેમી - પદવીદાન સમારંભ

૨૨ જૂન ૨૦૧૯ ના રોજ તેમના વાર્ષિક ચંદ્રક, શિષ્યવૃત્તિ અને પ્રમાણપત્ર વિતરણ સમારંભમાં સમ્યકજ્ઞાન પ્રવેશિકાથી સમ્યકજ્ઞાન ઉપાસક (માસ્ટર ઓફ જૈનિઝમ) સુધીના ૫ સ્તરમાંથી કુલ ૫ સાધવીજી તથા ૧૩ યશસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા અને ૧૧ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

શત્રુંજય મુક્તિ સમ્યકજ્ઞાન અભ્યાસક્રમ જૈન ધર્મનો અભ્યાસક્રમ છે, જેની રચના પ. પૂ. સા. ડો. જયદર્શીતાશ્રીજી મ.સા. દ્વારા કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૨ માં શરૂ કરાયેલ આ અભ્યાસક્રમે ૭ વર્ષ પૂર્ણ કર્યા છે અને ૩૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ તેનો લાભ લિધેલ છે. ગયા વર્ષે, ભારતભરના ૩૫ કેન્દ્રોમાં, ૬૦૦ થી વધુ

**માનદ્ પ્રતિનિધિ નીમવા છે**

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

સંપર્ક : હીરાચંદ દંડ - 7738508150,
ઉદયન શાહ - 8779647886,
ઈમેલ : kdoprakash@gmail.com

**જય દાદા ટ્રાવેલ્સ** ભુજ-કચ્છ

દરેક જાતની ફોરવ્હીલર ગાડીઓ ભાડેથી મળશે. ભુજ-ગાંધીધામ રેલ્વે સ્ટેશને આવીને ઉતારી જશું. અમારો મોબાઇલ નંબર નોંધી લેશો. અમારી સર્વિસથી આપને સંતોષ થશે.
બીપીન દંડ - 9909580806 રાહુલ દંડ - 9978790169

વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. માસ્ટર્સ પૂર્ણ કર્યા પછી જૈન ધર્મમાં ડોક્ટરેટ (વિદ્યા વાચસ્પતિ) મેળવવાની તક આપનારો આ અભ્યાસક્રમ, હાલમાં ગુજરાતી અને હિન્દીમાં યોજાય છે. આવતા વર્ષે અંગ્રેજીમાં આ કોર્સ શરૂ કરવાની યોજના ચાલી રહી છે.

શ્રી અનંતનાથજી શ્વેતાંબર જૈન દેરાસર, મસ્જિદ બંદરમાંના ઉપાશ્રય ખાતે યોજાયેલ આ પુરસ્કાર સમારંભમાં પૂ. સા. ડો.જયદર્શીતાશ્રીજી મ.સા. અને તેમના સુશિષ્યા પ.પૂ. સા. હિમશશુશ્રીજી મ.સા., બન્નેને વંદન કર્યા હતાં. અભ્યાસક્રમના કોર્સ કો-ઓર્ડિનેટર શ્રીમતી શિલ્પા અજાણી દ્વારા કાર્યક્રમ સંચાલિત કરવામાં આવ્યો. નમન લોડાયાએ મહામંત્ર નવકાર અને સ્વાગત ગીત ગાયું. શત્રુંજય એકેડેમીના શ્રી મનીષભાઈ લોડાયાએ સ્વાગત પ્રવચન કર્યું. દાતા પરિવારો દ્વારા સન્માનીત કરાયા પછી, કેટલાક વિદ્યાર્થીઓએ તેમની કૃતજ્ઞતા વ્યક્ત કરી, તેમના અનુભવોનો ઉલ્લેખ કર્યો અને આ કોર્સમાં જોડાયા પછી તેમની જીંદગીમાં કેવી રીતે પલ્ટો આવ્યો તે જણાવ્યું. બીજા કો-ઓર્ડિનેટર શ્રીમતી કાશ્મીરબેન લોડાયાએ આભારવિધી કરી.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણા દ્વારા ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ. પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ તેમજ તેમના માર્ગદર્શનથી ટ્રસ્ટ ના કાર્યો ગરીબોને ભોજન કરાવવામાં આવે છે.

જેના કાયમી દાતાઓના નામ : ૧) વેરશી રતનશી ગડા (મુલુંડ), ૨) દેવજી દામજી કુરૂવા (ક્રિષ્ણા હસ્તે જવાહરલાલ દેવજી કુરૂવા - કાંદીવલી), ૩) સરલાબાઇ ગંગાજર મોમાયા (પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના દીક્ષા નિમિત્તે - ચેન્નાઇ), ૪) વિમલાબેન શશીકાંત લોડાયા (અંકલેશ્વર), ૫) પ્રિયમવંદાબેનના સ્મરણાર્થે (માતુશ્રી દેવકુવરબાઇ, પિતાશ્રી - મેઘજી ધરમશી હસ્તે ઉર્વશી, વિધાતા તક્ષશીલા મેઘજી ધરમશી - તારદેવ), ૬) દેવજી કેશવજી માડણ લોડાયા (ચાલીસગામ) (સુશીલા ગિરીશ ભાટે ચાલીસગામ), ૭) માતુશ્રી પુરબાઇ કુંવરજી ધરમશીના પુત્રવધુ લીલાવંતી રતીલાલ ધરમશીના સ્મરણાર્થે, પુના, ૮) સ્નાત્ર મંડળ, પુણ્યગુણ સમુહ સામાયિક મંડળ (ગદગ), ૯) લક્ષ્મીબાઇ માણેકજી મૈશેરી (રાયપુર), ૧૦) પદમકુમાર ડી. નાગડા (હુબલી-જન્મદિવસ નિમિત્તે), ૧૧) પુર્ણીમાબેન પદમકુમાર નાગડા (હુબલી), ૧૨) જેઠાભાઇ કેશવજી પરિવારની પુત્રીઓ (તરલા કુમાર અજાણી, જયશ્રી પ્રફુલ મોતા, હીના ઉમેશ જવેરી, ગોપીકા કાર્તિક મૈશેરી, ચેન્નાઇ પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના દીક્ષા નિમિત્તે.)

બુધવારના ભોજન કરાવનાર એક દિવસીય દાતા : ૧) ઈશિતા, અંકિત, નિશા, કિશોર ધુલ્લા (ચાલીસગામ), ૨) પારૂલબેન કિશોર ધુલ્લા (ચાલીસગામ), ૩) વિધાતાબેન મેઘજી ધરમશી (તારદેવ), ૪) ભરતકુમાર અમૃતલાલ શાહ (જન્મ દિવસ નિમિત્તે - પુના) હસ્તે કૃણાલ ભરતકુમાર શાહ.

### શ્રી રાપર ગઢવારી નાની સિંધોડી જૈન સંઘ

સંઘ આયોજીત ૧૨૭ મો ત્રિહાનિકા ધ્વજા મહોત્સવ પ.પૂ. ગચ્છાધિપતિ રાષ્ટ્ર સંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ ના શિષ્યરત્ન, પુ. મોક્ષેસચંદ્ર સાગરજી મ.સા. તથા શ્રી બંદાકરસાગરજી મ.સા.ની નિશ્રા પુ. મુક્તિરત્નસાગરજી મ.સા., પુ. મહાયશાશ્રીજી મ.સા.ની આશીષ નિશ્રામાં યોજાયો જેમાં શ્રી રાપર નાની સિંધોડી નામ વાસીઓ તેમજ નિયાણી બેનોની તેમજ જ્ઞાતિ આગેવાન શ્રી પ્રવિણ લોડાયા અને શ્રી કલ્પેશ મોતાની હાજરી હતી. શ્રી પાર્શ્વપદ્માવતી પુજન, શ્રી અઢાર અભિષેક અને ધ્વજા આરોહણ (સત્તરભેદી પુજા) વિધીકાર શ્રી કેવલ સાવલા સંગીતકાર શ્રી કિશોર સાંગાર સથવારે ભણાવી. લાભાર્થી પરિવાર માતુશ્રી શોનબાઇ વિસનજી નાગડા હસ્તે અ.સૌ. પ્રવિણાબેન હિરાચંદ નાગડા.

### હૈદરાબાદથી કચ્છની રેલ સેવા માટે આવેદન

શ્રી રિદ્રિશ જાગીરદાર તથા અન્ય કચ્છી સંસ્થાઓના


**ભલારા દાદા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
કોઠારા - કચ્છ (તા. અબડાસા)
ઈકો, વેન, ઈન્ડીકા, તથા દરેક જાતની ફોર વ્હીલર ગાડીઓ ભાડેથી મળશે. કચ્છ આવતા ભાઇ-બહેનો અમારો નંબર નોંધી લેશો.
ગુલાબ મોતા - 9724382345 દીનેશ મોતા - 9974449540



**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક,
મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી,
હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને
ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

પ્રતિનિધીઓએ સિંકદરાબાદ ખાતે ૨૫-૬-૨૦૧૯ના દક્ષિણ મધ્ય રેલ્વેના જનરલ મેનેજર શ્રી ગજાનંદ માલીયાને હૈદરાબાદ - સિંકદરાબાદથી ભુજ- ગાંધીધામ સીધી રેલ સેવા શરૂ કરવા આવેદન પત્ર આપ્યું હતું.

## અનંતનાથ કોમ્પલેક્સ - કાંજુરમાર્ગ

અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ તથા ક.દ.ઓ. કાંજુરમાર્ગ જૈન સંઘ દ્વાર શ્રી વીમલનાથ દાદાની દ્વિતીય વર્ષગાંઠ ત્રિહાન્હિકા મહોત્સવ પ.પૂ. વીપુલગુણાશ્રીજી મ.સા.ના શિષ્ય, પ.પુ. રક્ષિતગુણાશ્રીજીને, પ.પુ. જીનવર ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ઉજવાયો હતો. ૧૨-૫-૨૦૧૯ના અઢાર અભિષેક રાખેલ. સાધર્મિક ભક્તિ અને સાંજે ચોવિહાર શ્રી ક.દ.ઓ. કાંજુરમાર્ગ સંઘ તરફથી રાખવામાં આવેલ હતા. ૧૩-૫-૨૦૧૯ શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા રાખેલ હતી. પૂજાના લાભાર્થી માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા (બાંઢીયા).

૧૪-૫-૨૦૧૯ના શ્રી વિમલનાથ દાદાની તૃતીય ધ્વજાના લાભાર્થી માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા (બાંઢીયા). ધ્વજા બાદ સાધર્મિક ભક્તિ શ્રી અનંતનાથજી મહારાજ દેરાસર તથા કાંજુરમાર્ગ સંઘે લાભ લીધેલ હતો. દરરોજ પ્રભુજીની આંગી કરવામાં આવી હતી. દરરોજ રાત્રે પ્રભુજીની ભક્તિ-ભાવના રાખવામાં આવેલ હતી.

## સાંયરા સમાચાર

૧૬-૬-૨૦૧૯ના શ્રી હીનાબાઇ રતીલાલ ધ્રોળ પરિવાર તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમં તબલચી દેવન્દ્રભાઇ પટેલ વરાડીયાવાલા, પ્રેમચંદ મોમાયા, વાલજીભાઇ ખોના, મહેન્દ્રભાઇ લોડાયા, કસ્તુરીબાઇ લોડાયા સારી રમઝટ બજાવેલ. ૧૭-૬-૨૦૧૯ શ્રી હીનાબાઇ રતીલાલ ધ્રોળ તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. પૂનમના દર્શન કરવા મુંબઇ થી રતીલાલભાઇ ધ્રોળ તથા હીરાચંદભાઇ ધ્રોળ ગાંધીધામથી હરીશભાઇ ધ્રોળ, વારાપધરથી પ્રેમચંદ મોમાયા, કલ્પેશ મોમાયા, હીરાચંદ ગોસર, રાજકોટથી અતુલભાઇ પટેલ આવેલ.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## શ્રી સુવિધિનાથ જૈન દેરાસર - તિરૂપુર

તા. ૨૨-૬-૨૦૧૯ના દેરાસર ખાતે મણીભદ્ર રથની પધરામણી થઇ હતી તે પ્રસંગે પુ. ગુરૂદેવ શ્રી ભાગચંદ્ર વિજયજી મ.સા. ઉપસ્થિત હતા. ભાવિકો સારી સંખ્યામાં ઉપસ્થિત હતા.

## મંજલ રેલડીયામાં તળાવની સાફસફાઇ

મંજલ રેલડીયામાં આવેલ લાખાસર તળાવની સાફસફાઈનું કામ ગામના મુરબ્બી સંનિષ્ઠ કાર્યકર શ્રી લક્ષ્મીચંદભાઈ પાસુભાઈ ગોસરની નીગરાની હેઠળ ચાલુ છે. પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકર મ.સા. ની પ્રેરણાથી ક.દ.ઓ. મહાજનના જયેશભાઇ લાલકા ગામ બાંઢીયાવાળાએ G.C.B. નું કામ ફ્રી કરી આપેલ છે.

હવે જે બાકી કામ રહે છે તે આપણા ખર્ચે કરવું પડશે. આ ખર્ચ માટે ૧) શ્રી લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર, ૨) શ્રી આદિશ્વર મહારાજ જૈન દેરાસર, ૩) શ્રી મંજલ રેલડીયા અ. જૈન સંઘ, ૪) શ્રી કલ્યાણજીભાઈ હીરજી વોરા, ૫) શ્રી પ્રફુલભાઈ ધનજી લોડાયા, ૬) માતુશ્રી જયાબાઈ શામજી ગોસર, ૭) શ્રીમતી કલાવંતી મોહનલાલ ગડા, ૮) શ્રીમતી મધુ હુકમચંદ ધરમશીએ સહયોગ આપેલ છે. જેમણે પણ સહકાર આપવો હોય તેઓ શ્રી લક્ષ્મીચંદભાઈ - 98203 52391નો સંપર્ક કરે.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, ૨૭-૦૭-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, ૨૭-૦૭-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર, ૨૮-૦૭-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : **9619270430** પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## વતનના વર્તમાન - ૨

### બન્નીની પરંપરાગત 'ઝીલ' પધ્ધતિ

બન્નીના મુખ્યત્વે શેડવાંઢના પરિવારો સદીઓથી રણમાં ખોદેલી 'ઝીલ'નું પાણી પસંદ કરે છે. 'ઝીલ' એટલે સરોવર કે લેક નહીં એક પ્રકારનો કુવો. એમાં રણની જમીનમાંથી ઝરીને આવતું પાણી મીઠું હોય છે. સાથેજ પશુઓ માટે હવાડો પણ બાંધેલો હોય છે. આ કુવા ખરેખર તો એક ઊંડા તળાવમાં બનાવાય છે. માટી એમા ન પડે એ માટે ચારેકોર બાવળના પાટિયા લગાવી દેવાય છે બન્નીમાં આજે પણ આ પ્રકારના કુવા જોવા મળે છે. આ કુવામાંથી મળતું પાણી મીઠું, ઠંડુ અને તરલ રિચ હોય છે.

છેલ્લા બે-ત્રણ વર્ષથી અબડાસામાં ઓછો કે અનિયમિત વરસાદ રહેતા પાણીની તંગી રહી છે. આથી ટ્યુબવેલ (બોર) દ્વારા ભૂગર્ભમાંથી વધુ પડતું પાણી ખેંચી લેવાતા ભૂગર્ભીય જળની સપાટી ૪૦થી ૧૦૦ ફુટ ઊંડી ઉતરી ગઇ છે આથી પાણીમાં ક્ષારનું પ્રમાણ વધી ગયું છે. અબડાસામાં ૩૦થી ૩૫ ગામોમાં બોર/ટ્યુબવેલથી સિંચાઇ થાય છે. આવા લગભગ ૭૦૦૦ બોર કાર્યરત છે.

કચ્છમાં જોકે બાર માસી નદી નથી તેમ છતાં કનકાવતી, મીઠી, જગડીયા, બેરાચિયા જેવા મધ્યમ કદના ડેમ પાણી પૂરૂં પાડતા હતા પણ આ બધા ખાલી પડ્યા છે.

### જીટી સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન

કોઠારાની જીટી (ગોકુલદાસ તેજપાલ) હાઇસ્કૂલના ૧૯૯૩ના એસએસસી બેચના વિદ્યાર્થીઓએ તાજેતરમાં સ્નેહમિલન યોજયું હતું.

### ભુજ - ગાંધીધામને એસ્કાલેટર

ભુજ અને ગાંધીધામ જેવા કચ્છના મુખ્ય રેલ્વે સ્ટેશનો પર એસ્કીલેટર્સ ચાલુ થઇ ગયા છે.

### પચ્છમની ૭૫૦ વર્ષ જૂની અશ્વ વિદ્યા

સુંદરજી સૌદાગર ઘોડાના મોટા વ્યાપારી ટીપુ સુલતાનથી માંડી સુલતાનના કટ્ટર દુશ્મન અંગ્રેજોને પણ એ એક જ માણસ ઘોડા પૂરા પાડે. એ ઘોડા મોટે ભાગે કચ્છ, કાઠિયાવાડ, સિંધ અને અરબસ્તાનથી મેળવાતા.

ઘોડા મેળવી લેવાથી જ કામ પતતું નહીં એમને યોગ્ય તાલીમ પણ આપવાની રહેતી. આ તાલિમશાળા એટલે કચ્છના મોટા રણનો પચ્છમ વિસ્તાર. આજે પણ એ તાલિમ શાળાઓ ચાલુ છે. પચ્છમમાં આજે પણ બાપ દાદાની વંશ પરંપરાથી ચાલી આવતી તાલિમ પધ્ધતિ થી ઘોડા ઉછેરવામાં આવે છે. અહીં મુખ્યત્વે કચ્છી, સંધી કે સિંધ ઘોડાને ઉછેરવામાં આવે છે. મોટા ભાગના ઘોડા કાળા રંગના (બ્લૅક સ્ટેલિયન) હોય છે. કોઇ કોઇ ભૂરા કે સફેદ પણ હોય. પચ્છમમાં ઉછેરવામાં આવતા ઘોડા મૂલ્યવાન જણાય છે. એક એક ઘોડાની કીંમત રૂા. પાચ થી ૧૦ લાખ સુધી ગણાય.

### આમારાનું તળાવ ઓગન્યું

નખત્રાણા તાલુકાનું આમારા ગામનું તળાવ ચાર ઇંચ વરસાદ થતા ઓગની  જતાં કદાચ આ સીજનમાં (ઓવરફ્લો) થનાર પ્રથમ તળાવ છે. ગામવાસીઓ આનંદમાં આવી જઇ કામકાજ છોડી તળાવ વધાવવા પહોંચી ગયા હતા. અમને યાદ છે કે વરસાદમાં જ્યારે તળાવ ઓગને તો એને વધાવવા જતા જે કદાચ ભારતની એક માત્ર કચ્છી પરંપરા છે.

ગામના ટીલાટ (મુખી જાગીરદાર) ઢોલ, ત્રાંસા સાથે તળાવે જતા સાથે યુવાન તરવૈયા રહેતા. ટીલાટ લાલ કપડામાં શ્રીફળ અને સવા કોરી/સવા રૂપીઓ બાંધી તળાવમાં દૂર પડે એમ ફેંકતા પછી તરવૈયાઓ પોતાની કૌવતથી એને પાછું લાવવાની હરિફાઇ કરતા. જે એ પોટલી મેળવી લેતો એને વાજતે ગાજતે ખભે બેસાડી ગામમાં પાછા લાવતા. અને આખા ગામમાં ગોળ ઘાણા વહેંચતા અને એ તરવૈયાને ગામમાં હાટ ધરાવતા વ્યાપારી ઇનામ પણ આપતા.

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ. સોમવાર બંધ

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી સરલા કાંતીલાલ નાગડા** (PS 2231) | બી-૩૦૨, ક્રિસ્ટલ મિડ-ટાઉન, ગંગાવાડી, ઓફ એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. મો.: 099879 70038 |
| **ચંદ્રકાંત વેરશી લોડાયા** (PS 1909) | ૧૧૦૧, સેડર ટાવર, રૂનવાલ ગ્રીન્સ, મુલુંડ-ગોરેગામ લીન્ક રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮. મો.: 08779869696 / 09967519185 |
| **કિરણ નવીનચંદ ધરમશી** (PS 443) | ડી-૬૦૪, પ્રિયંવદા કો.હા.સો., નાહુર વિલેજ, જીવરાજ ભાણજી વાડીની પાછળ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 097691 70945 |
| **હરેશ શામજી લોડાયા** (PS 5027) | એ-૧૦૨, ગજાનન આરતી કો.હા.સો., જોશી સ્કુલની પાસે, સારસ્વત કોલોની, છેડા રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 099042 23471 |
| **દિપેશ સુરેશ ખોના** (PS 5498) | ૧૪, ઓરેંજ ટ્રી, રેયાન સ્કુલ રોડ, બ્રુકફીલ્ડ, કુંદલાહલ્લી, બેંગલોર - ૫૬૦ ૦૩૭. મો. : 093428 25799 |
| **નિર્મલ વીરચંદ દંડ** (PS 7373) | એ-૪૦૧, અનુસુયા કો.હા.સો., નાહુર વિલેજ રોડ, જીવરાજ ભાણજી હૉલની પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 099678 96633 / 090290 90562 |
| **નવીનચંદ્ર જેઠાભાઈ મોમાયા** (PS 2498) | ડી-૨, ફ્લેટ નં. ૦૦૪, શીતલ એપાર્ટમેન્ટ, સર્વોદય જૈન મંદિરની પાસે, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 099677 34924 |
| **શ્રીમતી ઉર્મિલા પાસુભાઈ લાલકા** (PS 3504) | બી-૫૦૨, નર્મદા દેવી કો.હા.સો., જ્ઞાન સરિતા સ્કુલની સામે, ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 093242 13999 |
| **જવેરચંદ કુંવરજી મૈશેરી** (PS 5393) | પાંચમે માળે, આર્ચીસ એપાર્ટમેન્ટ, બાગ અંબરપત સ્ટ્રીટ નં. ૨, તિલક નગર ક્રોસ રોડ, હૈદરાબાદ-૫૦૦ ૦૧૩. મો.: 077992 42416 |
| **શ્રીમતી ચંપાબેન ભવાનજી ગોસર** (PS 429) | ગ્રાઉન્ડ ફ્લોર, બી-૪, અમર જ્યોતિ બિલ્ડીંગ, ગુલમોહર લેન, ચેમ્બુર નાગરિક બેંકની સામે, ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨. મો. : 093241 06060 |
| **શ્રીમતી મીના દિનેશ નાગડા** (PS 2162) | બી-૨૦૦૫-૨૦૦૬, ૨૦મે માળે, સિલ્વિનો બિલ્ડીંગ, બિલ્ડીંગ નં. બી-૧, સેનરૂફ્સ, નાહુર સ્ટેશનની સામે, મુલુંડ-ગોરેગામ લીન્ક રોડ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૧. મો.: 080805 08060 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૫-૧૯ | ગોપાલપુરી | ફલક, બીજલ ભાવિન ગોસર | બારોઈ | પુત્રી |
| ૨૬-૦૫-૧૯ | વડોદરા | સાઈશા, ફોરમ મોલેશ્રી દિનેશ લોડાયા | સાંયરા | પુત્રી |
| ૨૭-૦૫-૧૯ | ભાંડુપ | શિવાંશ, હેતલ ચિરાગ કિશોર ગોસર | બારોઈ | પુત્ર |
| ૧૮-૦૬-૧૯ | પાચોરા | ફેયા, નિરલ સંકેત લોડાયા | વારાપધર | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૭-૧૯ | મુલુંડ | કારણ જવેરચંદ નેણશી ધરમશી | કોઠારા | ૨૮ |
| | મુલુંડ | ઉન્નતી વિમલ ગોવિંદજી ખોના | કોઠારા | ૨૬ |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૭-૧૯ | ડોમ્બીવલી | હાર્દિક અનિલ કુંવરજી ધુલ્લા | દલતુંગી | ૨૫ |
| | ડોમ્બીવલી | હેમાંશી કિરીટ ધનજી દંડ | સેવક ભરૂડીયા | ૨૬ |
| ૦૪-૦૭-૧૯ | મુલુંડ | પારસ પંકજ દામજી ગોસર | ગોએરસમા | ૩૨ |
| | હૈદરાબાદ | પ્રિયંકા શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | ૨૮ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૬-૧૯ | વડાલા | ભાવિક ગિરીશ કાનજી દંડ | લાખણીયા | ૩૧ |
| | ચેમ્બુર | ધવની અરૂણ શામજી છેડા | દેઢિયા | ૩૦ |
| ૦૪-૦૭-૧૯ | ઘાટકોપર | ધવલ અશ્વિન લક્ષ્મીચંદ દૌલત | ભરૂડીયા | ૨૭ |
| | થાણે | ખુશ્બુ અરવિંદ મીઠુભાઈ ગોરી | મોટી ભાડઈ | ૨૭ |
| ૦૪-૦૭-૧૯ | જામનગર | સંકેત હિરેન હિમતલાલ શિયાલ | દલતુંગી | ૨૪ |
| | જામનગર | વિધી યોગેશકુમાર વાડીલાલ મહેતા | બાલંભા | ૨૩ |
| ૦૪-૦૭-૧૯ | ચેમ્બુર | મિહિર ચંદ્રેશ પોપટલાલ ધરમશી | ગોરખડી | ૩૦ |
| | ઓમાન | રૂપા કિશોર ધીરજલાલ મણીઆર | કોટકોલા | ૩૦ |
| ૦૪-૦૭-૧૯ | ડોમ્બીવલી | ભાવિક જિતેન્દ્ર હંસરાજ લોડાયા | વરાડીયા | ૨૬ |
| | કલવા | સાયલી યજ્ઞેશ્વર વસંત પાટીલ | તારાપુર | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૫-૧૯ | ડોમ્બીવલી | કેવલ અજય હિમતલાલ ખોના | રંગપુર | - |
| | ગોરેગામ | પ્રિયંકા ભરત પાસુભાઈ નાગડા | રંગપુર | - |

### લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૧૨-૧૮ | વાંદરા | જતીન માવજી સાવલા | ભુજપુર | ૩૦ |
| | ડોમ્બીવલી | હેતલ હસમુખ કેશવજી ડાઘા | દલતુંગી | ૨૯ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૬-૧૯ | બેંગલોર | રાજેશ નરેન્દ્ર શામજી ધરમશી | સુથરી | ૪૮ |
| ૨૨-૦૬-૧૯ | કોઈમ્બતુર | લતાબેન કાંતીલાલ ગાંગજી વોરા | રંગપુર | ૬૬ |
| ૨૩-૦૬-૧૯ | અમદાવાદ | દિલીપ ચાંપશી ખોના | કોઠારા | ૬૯ |
| ૨૫-૦૬-૧૯ | દલતુંગી | સુશીલાબેન (સોનબાઈ) શામજી પેથરાજ શિયાલ | દલતુંગી | ૮૧ |
| ૨૭-૦૬-૧૯ | મુલુંડ | મંજુલાબેન જવેરચંદ શામજી કરમશી લાલકા | ધ્રાફા | ૮૧ |
| ૨૮-૦૬-૧૯ | માટુંગા | અનુપમા નારાણજી શામજી મોમાયા | વરાડીયા | ૫૯ |
| ૨૯-૦૬-૧૯ | વડોદરા | શરદ ધનજી મહેશ્વરી (મૈશેરી) | મોટી સિંધોડી | ૭૮ |
| ૩૦-૦૬-૧૯ | ભદ્રા | બાબુલાલ રામજી ધરમશી ખોના | ગોરખડી | ૭૯ |
| ૩૦-૦૬-૧૯ | મસ્જિદ બંદર | નરેન્દ્ર (રાજાભાઈ) પદમશી કાનજી મૈશેરી | રાપર | ૬૫ |
| ૩૦-૦૬-૧૯ | ઘાટકોપર | નવીન ધનજી હંસરાજ દંડ | કોઠારા | ૬૬ |
| ૦૨-૦૭-૧૯ | ભાંડુપ | વિરચંદ શામજી મૈશેરી | લાલા | ૭૮ |
| ૦૩-૦૭-૧૯ | મુલુંડ | લક્ષ્મીબાઈ ઉત્તમચંદ કુંવરજી નાગડા (મેપાણી) | પરજાઊ | ૯૬ |
| ૦૪-૦૭-૧૯ | ઘાટકોપર | તિલકસુંદરી માણેકજી જેઠાભાઈ મોતા | કોઠારા | ૮૫ |
| ૦૪-૦૭-૧૯ | વારાપધર | જયાબેન હંસરાજ વીરજી કુંવરજી વિકમશી | વારાપધર | ૬૪ |
| ૦૫-૦૭-૧૯ | ભાંડુપ | લક્ષ્મીબેન ખેતશી છેડા | નલિયા | ૮૯ |

વોરા કુટુંબની વ્હાલુડી વેલડી તથા લુઠિયા પરિવારની લાવણ્યમયી લલના

# શ્રીમતી લતા કાંતિલાલ વોરા

## હેતભરી સ્નેહાંજલિ



રંગપુર

કોઈમ્બતુર

જીવન યાત્રા : તા. ૧૫-૭-૧૯૫૨ થી તા. ૨૨-૬-૨૦૧૯

विचार लो की मत्र्य हो, ना मृत्यु से डरो कभी,
मरो, परंतु यों मरो कि, याद जो करे सभी
हुई न यों सु-मृत्यु, तो वृथा मरे वृथा जिये

*Mortal you are, Never be afraid of death,*
*Die, but die in a way, that your death is remembered by all,*
*The one who did not die such a good death,*
*lived in vain and died in vain*

કવિ શ્રી મૈથિલીશરણ ગુપ્તની આ પંક્તિઓ લતાના જીવનનું જ્વલંત ઉદાહરણ છે.

પતિ પરાયણ પત્ની, ચિરાગ અને શીતલની મમતાળુ માતા, કાન્તિ ના જીવનની યશસ્વી કારકિર્દી ની સારથી, કુટુંબ વાત્સલ્ય આદર્શ ગૃહિણી, સકલ પરિવારજનોને સમદ્રષ્ટિથી સાચવતી સ્નેહલ સ્ત્રી, વિશાલ કર્મચારી વર્ગને સંભાળતી ગૃહમાતા, લતા, આજે આપણી વચ્ચે નથી પરંતુ તેના સ્મરણ સંભારણા સૌના હૃદયમાં ગુંજી રહ્યા છે.

ફૂલ કરમાઇ ગયું પણ ફોરમ શાશ્વત પ્રસરશે
દેહરૂપી ધૂપસળી પ્રજવલિત થઈ પણ સૌરભ યાદોને મહેકતી રાખશે.

લી. વોરા તથા લુઠિયા પરિવારની ભાવભરી પ્રેમાંજલિ

# માસિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

(ઉ.વ. ૫૬)



## અ.સૌ. હીના રતીલાલ ધ્રોળ

સાંયરા (કોટડી મહાદેવપુરી) - ડોંબીવલી

જન્મ : તા. ૦૪/૧૨/૧૯૬૩
મરણ : તા. ૦૬/૦૬/૨૦૧૯

સુના ડેલીને સુના ડાયરા રે લોલ
સુના લાગે સાંયરા ગામના દ્વાર જો...
હીના વિના રે લાગે એકલું રે લોલ.
સુના દેરાસરને સુના ઉપાશ્રય રે લોલ
સુના લાગે ભોજન કેરા ખંડ જો...
હીના વિના રે લાગે એકલું રે લોલ.
સુના થયા ધ્રોળ પરિવારજનો
સુના થયા મોક્ષ ને નમન રે લોલ
રડી રઈ લાડલી લીલમ જો...
હીના વિના રે લાગે એકલું રે લોલ.
સુના સાંયરા ને સુના ડોંબીવલી રે લોલ
રડી રહ્યો ''રતીલાલ'' આજ રે...
હીના વિના રે લાગે એકલું રે લોલ.

**શોકાતુર :** **માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવારની ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ**

---

# A Tribute to our Beloved Father

## VIRESH KALYANJI JEWAT DHARAMSI



18/06/1947 - 03/06/2019

Our **Papa** was an inspiration
for us & taught us
everything...
Except how to live
without him.

***We love you papa!***

May Lord bless your soul with eternal peace.

**Varsha Viresh Dharamsi (Wife)**

Kirtida Vikram Dhulla (Daughter)
Vikram Suryakant Dhulla (Son in law)

Vimal Viresh Dharamsi (Son)
Nisarg Viresh Dharamsi (Son)

Shilpa Vimal Dharmasi (Daughter in law)
Jinal Nisarg Dharamsi (Daughter in law)

Priyanka & Jinangi (Grand Daughters)

|| શ્રી પદ્મપ્રભસ્વામી ને નમઃ ||        આર્ય-જય કલ્યાણ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદય સૂરીભ્યો નમઃ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ચાલીસગામ તીર્થ

## ભવ્યાતિભવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશ

**આષાઢ સુદ ૧૩ તા. ૧૪-૭-૨૦૧૯ રવિવાર સવારના ૯.૦૦ કલાકે**

**ચાતુર્માસ સ્થળ : શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ**

દેવાધિદેવ, કરૂણાસાગર શ્રી પદ્મપ્રભસ્વામીની પરમ અનારાધાર કૃપાએ, રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.** અમીદ્રષ્ટીએ કૃપાઆશિષ તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** એવમં મંગલઆશિષ **શ્રી કલા-કવી-વીર-મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** સહસ્ત્રકૂટઆરાધિકા સાધ્વીમુખ્યા પરમવિદુષી **પ.પુ. નિરંજનાશ્રીજી મ.સા.**ના શિષ્યા પરમવિદુષી **પ.પુ. પુણ્યોદયશ્રીજી મ.સા.**ના શિષ્યા, **પ.પુ. મૌનગુણાશ્રીજી મ.સા.**ના શિષ્યા, **પ.પુ. કનકગુણાશ્રીજી મ.સા., પ.પુ. કૃતાર્થગુણાશ્રીજી મ.સા., પ.પુ. મહાવ્રતગુણાશ્રીજી મ.સા., પ.પુ. હિરગુણાશ્રીજી મ.સા.**

આદિઠાણા ૪નું ચાતુર્માસ શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી પ્રાપ્ત થયેલ છે.

**સામૈયું :** શેઠ શ્રી ઝવેરચંદ વેલજી મોમાયા, એમના નિવાસસ્થાન, ધુલીયા રોડ થી શરૂ થશે.

**સંપર્ક : ઈંદ્રેશભાઈ પોલડિયા** (અધ્યક્ષ) - 9975701977

**ચંદ્રેશભાઈ લોડાયા** (માનદમંત્રી) - 9422779721 **હેમંતભાઈ નાગડા** (મેહતાજી) - 7757008082

આ પાવન પ્રસંગે સકલ સંઘોને, ગુરૂભક્તોને, પુજ્યશ્રીઓના સંસારી સ્વજનોને પધારવા હાર્દિક નિમંત્રણ...

**નોંધ :** બહારગામથી પધારનાર મહેમાનોએ અગાઉથી જાણ કરવા વિનંતિ જેથી વ્યવસ્થામાં સુગમતા રહે.



### શ્રીમતી કલ્પનાબેન પ્રદીપ શાહ (ધુલીયા)

તેમની નિમણુંક ઈનર વ્હીલ ડીસ્ટ્રીક ૩૦૬ (ધુલીયા, નંદુરબાર તથા દક્ષિણ ગુજરાત - પોરબંદર સુધી)ના ચેરમેન તરીકે એક વર્ષ માટે થઇ છે. આ ડીસ્ટ્રીકમાં ૪૦ ઈનર વ્હીલ કલબ છે. **પ્રકાશ સમીક્ષાના અભિનંદન**

### કુ. નેહા મહેશ કાંતીલાલ મોતા (કુઆપધર-જલગામ)




ભારતના સર્વોત્તમ શૈક્ષણિક સંસ્થાન Indian Institute of Management, Bangalore (IIMB) માં ખઇઅ કોર્સ માટે પ્રથમ તબક્કામાં જ પ્રવેશ પ્રાપ્ત કરેલ છે. ચિ. નેહા પ્રાથમિક શિક્ષણથી જ તેજસ્વી વિદ્યાર્થીની રહી છે તથા શિક્ષણના દરેક તબક્કે ઉચ્ચ પરિણામો પ્રાપ્ત કર્યા છે. **પ્રકાશ સમીક્ષાના અભિનંદન**



### સ્વ. લતાબેન કાંતિલાલ વોરા (કોઈમ્બતુર)

જાણીતા સામાજીક કાર્યકર શ્રીમતી લતાબેન કાંતિલાલ વોરા તા. ૨૨-૬-૨૦૧૯ના અરિહંત શરણ થયા છે. લતાબેન કોઇમ્બતુર વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનો ઉપરાંત સમગ્ર ભારતના જ્ઞાતિજનોની મદદ માટે તત્પર રહેતા હતા. તેઓ જૈનીઝમનું સુંદર જ્ઞાન ધરાવતા હતા. **પ્રકાશ સમીક્ષાની શ્રધ્ધાંજલિ.**



### શ્રી ધર્મેન્દ્ર રતીલાલ નાગડા

(જખૌ-માટુંગા)

ક.દ.ઓ. જ્ઞાતિ માટે ખૂબજ ગૌરવની વાત છે કે શ્રી ધર્મેન્દ્રભાઇની નિમણુંક ધી એડવર્ટાઇઝીંગ સ્ટાન્ડર્ડ કાઉન્સીલ ઑફ ઇન્ડિયાના પ્રતિનિધી તરીકે થઇ છે.

ભારતના જાહેરાત ઉદ્યોગનું સ્વૈચ્છિક નિયમન કરનારી સંસ્થા ધી એડવર્ટાઇઝીંગ સ્ટાન્ડર્ડ કાઉન્સીલ ઑફ ઇન્ડિયા જાહેરાતમાં કરવામાં આવતા વધુ પડતા દાવા તથા ગ્રાહકોના હિતોનું ધ્યાન રાખે છે.

આવા પદ પર નિમણુંક મેળવનારા શ્રી ધર્મેન્દ્રભાઇ પ્રથમ ક.દ.ઓ. જ્ઞાતિજન છે. તેઓએ એવી અનેક જાહેરાતોના દાવાઓને કોર્ટમાં પડકારી ગ્રાહકોના હિતોના રક્ષણ માટે કાર્યશીલ રહ્યા છે.

**પ્રકાશ સમીક્ષાના અભિનંદન**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2019
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રી બિપીન પાશ્વીર નાગડા

## નું માંચેસ્ટર (યુ.કે.) માં ICICI Lombard કંપની તરફથી પરિવાર સહિત સન્માન










**શ્રી બિપીન પાશ્વીર નાગડા** વીમા ક્ષેત્રે જાણીતું નામ.... તેઓ **L.I.C.** અને જનરલ ઇન્સ્યુરન્સ માં દેશમાં પ્રથમ હરોળના એજન્ટ અને હવે તો વિશ્વમાં પણ વીમા ક્ષેત્રે ઘણા કીર્તિમાનો સ્થાપિત કર્યા છે.

આ વર્ષે **શ્રી બિપીન પાશ્વીર નાગડા** **ICICI Lombard** કંપની ના સર્વોચ્ચ **Elite CEO Club** માં સ્થાન પામેલ તે બદ્દલ કંપની તરફથી તેમને પરિવાર સાથે લંડન અને સ્કોટલેન્ડ ની ૯(નવ) દિવસની ટુર માણવા મળી અને તે સમય દરમ્યાન તેમનું માંચેસ્ટર (યુ.કે.)ની પ્રખ્યાત હિલ્ટન હોટેલ માં પરિવાર સહિત સન્માન કરવા માં આવેલ.

સાથોસાથ તા.૧૬-૦૬-૨૦૧૯ ના માંચેસ્ટર માં ભારત વિ. પાકિસ્તાન ની મેચ પરિવાર સાથે જોવાની મજા માણી હતી.

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.